# જીવન શતાબ્દી વર્ષ



## સામાજિક ચેતનાના મશાલચી

**શ્રી માનસિંહભાઈ પૃ. પટેલ**

**આદ્યસ્થાપક - દૂધસાગર ડેરી, મહેસાણા**

(૧૫-૧૧-૧૯૧૯ થી ૩૦-૦૯-૧૯૭૦)

મહેસાણા જિલ્લા
સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.

## ૫૯મો વાર્ષિક અહેવાલ તથા હિસાબ ૨૦૧૮-૧૯

ભારતની સૌથી મોટી સહકારી ડેરી



તા.૭-૨-૨૦૧૯ના રોજ પટના ખાતે ઈન્ડિયન એશોસીએશનની કોન્ફરન્સમાં
હાજરી આપતા માન. શ્રી વિપુલભાઈ ચૌધરી, સંસ્થાના અધ્યક્ષા શ્રીમતી આશાબેન ઠાકોર,
વાઈસ ચેરમેન શ્રી મોઘજીભાઈ પટેલ (ચૌધરી), શ્રી સોમભાઈ રાયકા વિગેરે મહાનુભાવો



તા. ૧૬-૨-૨૦૧૯ના રોજ અમદાવાદ ખાતે સી.એસ.આર. એક્સેલન્સ ટીવી-૯ એવોર્ડ,
ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે મેળવતા
ડેરીના અધ્યક્ષા શ્રીમતી આશાબેન ઠાકોર

# ૫૯મો

## વાર્ષિક અહેવાલ તથા હિસાબ

## ૨૦૧૮-૧૯

**મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., મહેસાણા.**

રજી. નં. સે.૧ તા. ૮-૧૧-૬૦

વિનંતી : સાધારણ સભામાં હાજરી આપનાર પ્રતિનિધિએ વાર્ષિક અહેવાલ સાથે લઈ આવવા વિનંતી છે.

# દૂધસાગર ડેરી

## વાર્ષિક સાધારણ સભાની સૂચના

સંઘના તમામ સભાસદોને જણાવવામાં આવે છે કે, સંઘની ૫૯મી વાર્ષિક સાધારણ સભા તારીખ : ૨૮-૦૭-૨૦૧૯ ને રવિવારના રોજ, સવારના ૧૧.૦૦ કલાકે મહેસાણા મુકામે, સંઘના માનસિંહભાઈ પૃ.પટેલ હૉલમાં નીચેના કામો હાથ ધરવા સારૂ મળશે. જેમાં સમયસર હાજરી આપવા વિનંતી છે.

## કાર્યસૂચિ

૧. ગત તા.૨૧-૦૪-૨૦૧૯ ની ખાસ સાધારણ સભાની કાર્યવાહી વંચાણે લેવા બાબત.

૨. તારીખ : ૩૧-૦૩-૨૦૧૯ના રોજ પુરા થયેલ વર્ષનો અહેવાલ, આંતરિક ઓડીટર દ્વારા અન્વેષણ બાદ સંસ્થાએ તૈયાર કરેલા વાર્ષિક હિસાબો, નફાની ફાળવણી વિગેરે મંજુર કરવા બાબત.

૩. વર્ષ ૨૦૧૮-૨૦૧૯ દરમ્યાન અંદાજ કરતાં થયેલ વધારાનો ખર્ચ અને વર્ષ ૨૦૧૯-૨૦૨૦ નું અંદાજપત્ર મંજુર કરવા બાબત.

૪. મલ્ટીસ્ટેટ કૉ.ઑપરેટીવ સોસાયટી એક્ટ, ૨૦૦૨ હેઠળ રજીસ્ટ્રેશન અંગે આગળની કાર્યવાહી બાબત.

૫. સહકારી કાયદાની કલમ ૭૧ હેઠળ રોકાણોની પરવાનગી મેળવવા તેમજ મળેલ મંજૂરીઓ વંચાણે લેવા બાબત.

૬. વૈદ્યાનીક ઓડીટરશ્રી તરફથી તા.૨૧-૦૫-૨૦૧૯ના રોજ મળેલ વર્ષ ૨૦૧૭-૨૦૧૮નો ઓડીટ રિપોર્ટ તેમજ સંઘ દ્વારા તૈયાર કરેલ દુરસ્તી અહેવાલ મંજૂર રાખવા બાબત.

૭. દૂધ સંઘના લ્હેણાની વસુલાતો બાબત.

૮. વર્ષ દરમ્યાન નિયામક મંડળે કરેલ કાર્યવાહી વંચાણે લઈ બહાલ રાખવા બાબત.

૯. મંડળીઓ તરફથી મળેલ રજુઆતો બાબતે ચર્ચા વિચારણા કરવા બાબત.

૧૦. પ્રમુખ સ્થાનેથી.

મહેસાણા
તા.૧૨-૦૭-૨૦૧૯

મેનેજીંગ ડિરેક્ટર
નિયામક મંડળની સૂચનાથી

૧. હિસાબો અંગે સભાસદોને જે કઈ માહિતી જોઈતી હોય, તેની તા.૨૫-૦૭-૨૦૧૯ પહેલા લેખિત જાણ કરવા વિનંતી છે.

૨. જો સભા નોન-કોરમ થશે તો તે જ તારીખે, તે જ સ્થળે, આજ કાર્યસૂચી પ્રમાણે, અડધા કલાક બાદ સભાનું કામકાજ હાથ ધરવામાં આવશે.

૩. દૂધ ઉત્પાદક સહકારી મંડળીના સભાસદોએ પોતાના પ્રતિનિધિની નિમણૂંકના ઠરાવની અધિકૃત નકલ તા.૨૫-૦૭-૨૦૧૯ સુધીમાં ઓફીસ સમય દરમ્યાન મોકલી આપવા વિનંતી છે.



# અધ્યક્ષશ્રીનું નિવેદન

મારા વ્હાલા દૂધ ઉત્પાદક ભાઈઓ તથા બહેનો,

આજની આ ૫૯મી વાર્ષિક સાધારણસભામાં ઉપસ્થિત દૂધ મંડળીના સૌ પ્રતિનિધિઓ અને અન્ય સભ્યોનું હું હૃદયપૂર્વક સ્વાગત કરું છું. આપના સાથ અને સહકારથી દૂધસાગર ડેરી સતત વિકાસના પથ પર સફળતાપૂર્વક પગરવ માંડી રહી છે.

ચાલુ વર્ષે દૂધસાગર ડેરીના આધ્યસ્થાપક સ્વ. માનસિંહભાઈ પૃ. પટેલનું જન્મ શતાબ્દી વર્ષ છે. તેમના દ્વારા રોપેલ બીજ આજે વટવૃક્ષ બની બૃહદ મહેસાણા જિલ્લાના લાખ્ખો દૂધ ઉત્પાદકોની જીવાદોરીનું કામકાજ કરી રહી છે. સ્વ. માનસિંહભાઈનું સ્વપ્ન હતું કે, 'મારે દિલ્હી દૂધ પહોંચાડવું છે.' આ સ્વપ્ન સાકાર થયું છે અને દિલ્હી નજીક દૂધસાગર ડેરીની બે ડેરીઓ દૂધમાનસાગર ડેરી, માનેસર અને દૂધમોતીસાગર ડેરી, ધારુહેડાની સ્થાપના કરવામાં આવી છે. દૂધસાગર ડેરી દ્વારા ગુજરાત બહાર રાજસ્થાન, પંજાબ, હરિયાણા વગેરે જગ્યાએ અમૂલ ફેડરેશનની મંજૂરીથી અમૂલ પેર્ટન મુજબ દૂધ મંડળીઓ શરૂ કરવામાં આવી છે.

મારા ડેરીના વહીવટમાં સચોટ માર્ગદર્શન પુરું પાડવા માટે, જિલ્લાના અગ્રણી સહકારી શ્રી વિપુલભાઈ ચૌધરીનો હું જેટલો આભાર માનું એટલો ઓછો છે. આજે દૂધસાગર ડેરીએ જે વિકાસની ઉંચાઈઓ પ્રાપ્ત કરી છે તેમાં વિપુલભાઈ ચૌધરીનો ફાળો અમૂલ્ય છે. આપણો જિલ્લો એ સહકારી ચળવળની કર્મભૂમિ રહ્યો છે. વિના સહકાર નહિ ઉદ્ધારના મંત્રને આપણે મૂર્તિમંત કર્યો છે. આપણા સહકારી વ્યવસાયના પાયા ખુબ વ્યાપક, ઉંડા અને મજબૂત છે. આ કામગીરીમાં શ્રી વિપુલભાઈ ચૌધરીનો ફાળો નોંધપાત્ર અને ઉલ્લેખનીય છે જેનું આપણને સૌને ગર્વ છે.

સહકારી પ્રવૃત્તિ ભેદભાવ વગરની સર્વ લોકોના કલ્યાણની પ્રવૃત્તિ છે. અમૂલ એ ટેસ્ટ ઓફ ઈન્ડિયા છે તેનો વ્યાપાર સમગ્ર ભારત દેશમાં થાય છે. વેપાર વિકાસ માટે અન્ય રાજ્યોમાંથી દૂધ ઉત્પાદકો પાસેથી દૂધ લેવામાં આવતું હોય પરંતુ તેને અમૂલ પરિવારમાં સભ્યપદ કે મતાધિકાર ના આપવો એ સહકારી પ્રવૃત્તિ માટે શોભાસ્પદ નથી. આપણે ઈચ્છીએ કે જયાંથી દૂધ લઈએ ત્યાંના દૂધ ઉત્પાદકોને સભ્યપદ આપી વૈશ્વિક સહકારી સિદ્ધાંતો અને મૂલ્યોનું પાલન કરીએ. આ માટે અમે સતત પ્રયત્નશીલ છીએ અને રહીશું. દૂધસાગર ડેરીની ખાસ વાર્ષિક સાધારણસભામાં દૂધસાગર ડેરીની મલ્ટી સ્ટેટ કો-ઓપરેટીવઝ એકટ ૨૦૦૨ હેઠળ પોતાની નોંધણી કરાવવામાં આવે તેવું સર્વાનુંમતે નક્કી કરેલ છે અને તે અંગે કાર્યવાહી ચાલુ છે.

૧૯૬૦માં સ્થપાયેલ દૂધસાગર ડેરી અમૂલ ફેડરેશનની છ પૈકી એક અગ્રણી સ્થાપક ડેરી પણ છે. અમુલ ફેડરેશનની રચના થતાં આપણે અમદાવાદ, બોમ્બેની ઓફિસો તથા આપણી સાગર બ્રાન્ડ ફેડરેશનને આપી હતી તેમ છતાં છેલ્લા કેટલાક વર્ષોથી અમૂલ ફેડરેશન દૂધસાગર ડેરીના વિકાસમાં ફાળો આપવાની જગ્યાએ વિકાસને રૂંધવાના જ પ્રયત્નો રહ્યાં છે અને ડેરી સાથે ભેદભાવભર્યું

વલણ રહ્યું છે. જેની મુખ્ય બાબતોમાં દૂધ સાગર ડેરીની દિલ્હી સ્થિત બે ડેરીઓ દૂધમાનસાગર ડેરી, માનેસર અને દૂધ મોતીસાગર ડેરી ધારુહેડાની કાર્યક્ષમતાનો અમૂલ ફેડરેશન દ્વારા અપૂરતો ઉપયોગ, સભ્ય સંઘો વચ્ચે ધંધાની સ્પષ્ટ ફાળવણીનો અભાવ, દિલ્હીના બજારમાં દૂધસાગર ડેરીની તૈયાર દૂધની બનાવટોના વેચાણમાં સતત ઘટાડો, એન.સી.ડી.સી.ના પ્રોજેક્ટો માટે બેંક ગેરંટી આપવી નહિ, દુષ્કાળના સમયમાં ભારત સરકારના કૃષિમંત્રીની વિનંતીથી મહારાષ્ટ્રના અબોલ પશુઓ માટે આપેલ સાગરદાણને કૌભાંડમાં ખપાવવું, કસ્ટોડિયન કમિટીના સમયમાં મંડળી ખાતેથી વસુલાત લઈ લીધા બાદ પણ સંઘના નિયામક મંડળ પર કિન્નાખોરી રાખી પોલીસ ફરિયાદો કરાવવી, દાંતીવાડાની શ્રી ગલબાભાઈ ઈન્સ્ટીટ્યુટમાં ફેડરેશને ઠરાવ કરીને રૂ. ૫ કરોડ આપ્યા પણ ફેડરેશનના બોર્ડમાં માનસિંહભાઈ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડેરી એન્ડ ફુડ ટેકનોલોજીને રૂપિયા પાંચ કરોડની સહાય આપવા ઠરાવ થયેલ હોવા છતાં આપવી નહિ, વગેરે અનેક બાબતોનો સમાવેશ થાય છે.

આપણે આશા રાખીએ કે દૂધસાગર ડેરીને નુકશાન પહોંચાડી રહેલા રાજકીય સજ્જનોને ભગવાન સત્યનું આત્મજ્ઞાન કરાવે અને તેઓ વાસ્તવિક સહકારી ભાવનાનું દૃષ્ટાંત પુરુ પાડી આવનારા ભવિષ્યમાં દૂધસાગર ડેરીના દૂધ ઉત્પાદકોને આર્થિક નુકશાન કરતી પ્રવૃત્તિઓ બંધ કરે તેવી ભગવાનને પ્રાર્થના.

## સંઘની દૂધ ઉત્પાદકલક્ષી કામગીરીનું સરવૈયું

### દૂધ સંપાદનની કામગીરી :

દૂધ પ્રાપ્તિમાં આ વર્ષે આપણે આપણા કાર્યક્ષેત્રમાં ૭૫૪૮.૪૬ લાખ કિ.ગ્રા. તથા રાજ્ય બહાર ૨૮૧૩.૦૫ લાખ કિ.ગ્રા. મળીને ૧૦૩૬૧.૫૧ લાખ લિટર દૂધનો જથ્થો પ્રાપ્ત કરેલ. જે ગત વર્ષની સરખામણીમાં ૪.૪૯ ટકા વધારે છે. ગત વર્ષે વેચાણના રૂ. ૪૨૭૦.૭૦ કરોડની સરખામણીએ આ વર્ષે રૂ. ૪૬૯૩.૩૪ કરોડ થયેલ છે. જે ગતવર્ષની સરખામણીમાં ૯.૮૯% વધારે છે.

| દૂધ પ્રાપ્તિ | વર્ષ: ૨૦૧૭-૧૮ (લાખ કિ.ગ્રામ) | | વર્ષ: ૨૦૧૮-૧૯ (લાખ કિ.ગ્રામ) | |
|---|---|---|---|---|
| | કુલ | દૈનિક | કુલ | દૈનિક |
| કાર્યક્ષેત્રમાંથી | ૬૭૯૮.૯૭ | ૧૮.૬૩ | ૭૫૪૮.૪૬ | ૨૦.૬૮ |
| રાજ્ય બહારથી | ૩૧૧૭.૧૩ | ૮.૫૪ | ૨૮૧૩.૦૫ | ૭.૭૧ |
| કુલ વાર્ષિક જથ્થો | ૯૯૧૬.૧૦ | ૨૭.૧૭ | ૧૦૩૬૧.૫૧ | ૨૮.૩૯ |

આપને જણાવવાનું કે, રાજસ્થાન અને હરિયાણામાંથી લીધેલ દૂધનો ખરીદ ભાવ અને તેને અનુરૂપ મહેસાણામાં ચૂકવેલ ખરીદભાવની સરખામણી આપની જાણ માટે નીચે રજુ કરીએ છીએ.

(રૂા.પ્રતિ કિ.ગ્રા. ફેટ)

| વર્ષ | મહેસાણા | રાજસ્થાન | હરિયાણા |
|---|---|---|---|
| ૨૦૧૦-૨૦૧૧ | ૪૧૪ | ૪૦૬ | ૪૦૬ |
| ૨૦૧૧-૨૦૧૨ | ૪૮૦ | ૪૭૫ | ૪૭૫ |
| ૨૦૧૨-૨૦૧૩ | ૫૧૧ | ૪૪૬ | ૪૪૬ |
| ૨૦૧૩-૨૦૧૪ | ૫૪૦ | ૫૪૬ | ૫૩૬ |

| વર્ષ | મહેસાણા | રાજસ્થાન | હરિયાણા |
|---|---|---|---|
| ૨૦૧૪-૨૦૧૫ | ૫૫૧ | ૫૭૫ | ૫૬૧ |
| ૨૦૧૫-૨૦૧૬ | ૬૧૦ | ૫૫૧ | ૫૪૭ |
| ૨૦૧૬-૨૦૧૭ | ૬૪૦ | ૬૧૩ | ૬૩૦ |
| ૨૦૧૭-૨૦૧૮ | ૬૭૫ | ૬૧૪ | ૬૩૧ |

**પશુઆહાર :**

સંઘના જગુદણ અને ઉબખલ ખાતેના પશુઆહાર કારખાનામાં સાગરદાણ, હાઈપ્રોદાણ, ભેંસદાણ, પાડીદાણ, સાગર સમૃદ્ધિદાણ, ચીલેટેડ મિનરલ મિક્ષ્ચર વગેરેનું ઉત્પાદન કરવામાં આવે છે. પશુની દૂધ ઉત્પાદકતા વધારવામાં પશુઆહારનો ફાળો મુખ્ય છે. વર્ષ દરમ્યાન ૨૬૫૮૬૨.૦૪ મે. ટન ઉત્પાદન અને ૨૬૦૮૪૨.૪૪ મે. ટન વેચાણ કરવામાં આવેલ છે. આપણા કાર્યક્ષેત્રમાં હજુ પણ વૈજ્ઞાનિક ધારાધોરણ કરતા દાણ અને મિનરલ મિક્ષ્ચરનો વપરાશ ઓછો જણાઈ રહ્યો છે. સંઘના સી.એસ. વિભાગના તથા વેટરનરી વિભાગના કર્મચારીઓ દાણ વપરાશ વધારાની દિશામાં સતત પ્રયત્નશીલ છે.

**આઈ. એસ. ઓ. કામગીરી :**



**મહેસાણા મુકામે દૂધસાગર ડેરીમાં ડેરી દર્શન માટે પધારેલ શહેરની ગૃહિણીઓ સાથે દૂધ સાગર ડેરીના અધ્યક્ષા શ્રીમતી આશાબેન ઠાકોર અને ઉપાધ્યક્ષશ્રી મોઘજીભાઈ પટેલ**

આપણે આપણા દૂધ અને દૂધની બનાવટોને આંતરરાષ્ટ્રીય ધોરણોને અનુરૂપ સ્પર્ધાત્મક બનાવવા તેમજ સલામત ખાદ્યપદાર્થોની ખાતરી માટે ISO 22000:2005 અને ISO 9001:2015 ના પ્રમાણપત્રો મેળવી લીધા છે. આમ માત્ર આપણી સંસ્થા જ નહીં, પરંતુ તેના દ્વારા સ્થાપેલ દૂધ સાગર ડેરી પાટણ, દૂધસાગર ડેરી વિહાર, દૂધસાગર ડેરી કડી અને શીતકેન્દ્ર - હારીજ પણ ISO 9001:2015 અને ISO 22000:2005 થી પ્રમાણિત છે. આજ રીતે કેટલફીડ પ્લાન્ટ, જગુદન અને ઉબખલ તથા પશુ સંવર્ધન કેન્દ્ર જગુદણ પણ ISO 9001:2015 થી પ્રમાણિત છે. આ ઉપરાંત દૂધ ઉત્પાદકો પાસેથી હજુ સારી ઉચ્ચ ગુણવત્તાવાળુ કાચુ દૂધ મેળવવા માટે કુલ ૫૦૦ દૂધ મંડળીઓ ISO 9001:2015 થી પ્રમાણિત છે. આપણે આપણી તમામ પ્રક્રિયાઓમાં પર્યાવરણના સંતુલનને ધ્યાનમાં રાખીને તથા સંપાદનનો યોગ્ય રીતે ઉપયોગ અને દૂર્વ્યય ઘટાડવાના પ્રયત્નો કર્યા આથી આપણી સંસ્થા પર્યાવરણ પ્રબંધન પ્રણાલી ISO 14001:2015 થી પ્રમાણિત થયેલ છે. દિલ્હી ખાતે આવેલા દૂધમાનસાગર ડેરી અને દૂધમોતીસાગર ડેરી ISO 9001:2015 અને FSSC 22000 સ્ટાન્ડર્ડથી પ્રમાણિત સંસ્થાઓ છે.

**કડી ખાતે નવીન દહીં પ્લાન્ટ :**

દૂધવિદ્યાસાગર ડેરી, કડી ખાતે દહીં બનાવવાનો, તેને પાઉચ અને કપમાં પેક કરવાનો અદ્યતન પ્લાન્ટમાં ઉત્પાદન તા. ૮-૧૧-૨૦૧૭ ના રોજ શરૂ કરેલ છે. જેની દૈનિક ક્ષમતા ૧૦ મેટ્રીક ટન છે. જે હાલમાં સંપૂર્ણ ક્ષમતાથી વપરાશમાં છે. અને તેની ક્ષમતાને ૨૦ મે. ટન કરવાની પ્રક્રિયા ચાલુ છે. પાટણ ખાતે ૫૦,૦૦૦ લિટર દૈનિક છાસ બનાવવાનો અને પ્લાસ્ટિક બોટલો કે કોથળીઓમાં પેકીંગ કરવાના પ્લાન્ટની કામગીરી હાલમાં ચાલુ છે.

**ડિજીટલાઈજેશન :**

સંઘે હંમેશા તેના ઘડવૈયાઓના અનુભવ અને તેમના માર્ગદર્શનને પોતાના મૂળભૂત પાયાના સિદ્ધાંત તરીકે સ્વીકારેલ છે. સંઘે અનુભવની સાથે સાથે ધંધામાં ઉપયોગ આવતી અદ્યતન ટેકનોલોજીને પણ એટલું જ મહત્વ આપેલ છે. સમયની સાથે સાથે ટેકનોલોજીનો વપરાશ પણ આજના યુગમાં મૂળભૂત જરૂરીયાત બની ગયો છે.

## અમૂલ ઓનલાઈન એ.એમ.સી.એસ. :

દૂધ સંઘમાં જૂલાઈ ૨૦૧૬થી મંડળીઓ પર અમુલ ઓનલાઈન એ.એમ.સી.એસ. સોફટવેરનો અમલ કરવામાં આવ્યો છે. અમૂલ ઓનલાઈન એ.એમ.સી.એસ. સોફટવેરથી દૂધ મંડળીઓને સંઘ સાથે જોડવામાં આવે છે. અત્યાર સુધી કુલ ૬૭૩ મંડળીઓને ઓનલાઈન કરવામાં આવી ચૂકી છે. આ મંડળીઓમાં સંઘમાં કુલ દુધનો ૬૦ ટકા જથ્થો સામેલ છે. મંડળીમાં આ સોફટવેરનો ઉપયોગ ચાલુ થયો છે ત્યાં વર્તમાનમાં ૯૮૨૦૮ દૂધ ઉત્પાદક પોતાના દૂધની તમામ વિગતો (દૂધ જથ્થો, કિંમત અને ફેટની વિગતો) પોતાના મોબાઈલમાં જોઈ રહ્યાં છે. દરરોજ બે વખત એસ.એમ.એસ.થી મંડળીમાં ભરાવેલા દૂધની વિગતો તેમને પ્રાપ્ત થઈ રહી છે. દૂધ ઉત્પાદકો પોતાના ખાતાની એક દિવસની લઈને એક વર્ષ સુધીની પોતાના દૂધની માહિતી જોઈ શકે છે. સંઘ સાથે મંડળીઓ ઓનલાઈન જોડાયેલી હોવાથી મંડળીઓ દ્વારા વહીવટની પારદર્શકતામાં વધારો થયો છે અને ગામના લોકોનો વિશ્વાસ મંડળીમાં સહકારી ધારાધોરણે વધુ સુદ્રઢ થવા લાગ્યા છે. આગામી સમયમાં તમામ મંડળીઓને સંઘ સાથે ઓનલાઈન કરવામાં આવનાર છે.

## વેબ બેઝડ વેટરનરી સપોર્ટ સિસ્ટમ :

વેબ બેઝડ વેટરનરી સપોર્ટ સિસ્ટમ દ્વારા દૂધ ઉત્પાદકો માત્ર મીસકોલ દ્વારા વિઝીટ નોંધાવી શકે છે. આ સિસ્ટમ દ્વારા સંઘના દૂધ ઉત્પાદકો વેટરનરી ડૉકટરનો ઝડપી સંપર્ક કરી શકે છે સુગમ સમન્વયથી વિઝીટ ટાઈમમાં થતા વિલંબને ઓછો કરી શકાયો છે.

## ભવિષ્યની યોજનાઓ :

**નાના પેકીંગ માટે ક્ષમતાનો વધારો** : સમયાંતરે કિંમતોમાં વધારો થતાં ગ્રાહકો માટે રૂ. ૫/- અને રૂ. ૧૦/-ના શિશુઆહાર (અમુલ સ્પ્રે) ના પેકેટોની માંગ વધી છે. જેથી તેના ૧૩.૫ ગ્રામ અને ૨૭ ગ્રામના પેકીંગ વધુ થાય તે માટે ભવિષ્યમાં ત્રણ (૩) મશીનો વસાવવામાં આવશે.

**અમૂલ ટેબલ બટર :** તેવીજ રીતે અમૂલ ટેબલ બટરમાં પણ ૧૦ ગ્રામ, ૧૫ ગ્રામ અને ૨૦-૨૫ ગ્રામના પેકીંગની માંગ વધતા તેવા પેકીંગની ક્ષમતા વધારવા માટે એક (૧) મશીન વસાવવામાં આવશે.

**મીઠાઈ મેટ (સ્વીટન્ડ કન્ડેન્ડસ્ડ મિલ્ક) :** આખા ભારત દેશમાં સહકારીતાના ધોરણે અમૂલ મીઠાઈ મેટ ફક્ત મહેસાણા દૂધ સંઘ દ્વારા જ ઉત્પાદન અને પેકીંગ કરવામાં આવે છે. તેના પેકીંગ માટે ૨૦૦ ગ્રામ અને ૪૦૦ ગ્રામના ટીન પેકીંગની માંગને પહોંચી વળવા માટે વધુ એક (૧) મશીન વસાવવામાં આવનાર છે.



૧૫-૮-૨૦૧૮ના રોજ ડેરીમાં ધ્વજવંદન કરતા ડેરીના અધ્યક્ષા શ્રીમતી આશાબેન ઠાકોર

## પશુપાલન વ્યવસાયના ઉત્થાન અને આર્થિક ઉપાર્જન માટેની કામગીરી :

દૂધ સંઘની શાખો પર પ્રગતિના પુષ્પો ત્યારે જ ખીલશે જયારે તેના મૂળિયાં મજબૂત અને સંપૂર્ણતઃ પોષિત હશે. દૂધ મંડળીઓ, પશુઓ તથા તેની સાથે જોડાયેલા દરેક દૂધ ઉત્પાદકો સંઘ માટે મૂળિયાં છે. સંઘમાં તેમના મૂળિયા મજબૂત કરવા દૂધ મંડળીઓ, દૂધ ઉત્પાદકો અને દૂધ સંઘનો મુખ્ય આધાર કે જેના વિકાસ અને જાળવણી

વગર દૂધ ઉત્પાદકનો વિકાસ થઈ જ ન શકે, તેવા પશુઓની સારવાર અને ઉત્પાદકતા વધારવા માટે અનેક યોજનાઓ અમલમાં મુકેલી છે. વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન વિવિધ યોજનાઓ અંતર્ગત થયેલ કામગીરી નીચે મુજબ છેઃ

| ક્રમ | યોજનાનું નામ | લાભાર્થીઓની સંખ્યા | સહાયની રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|---|
| ૧. | મંડળી મકાન બાંધકામ | ૩ | ૨.૮૨ |
| ૨. | મંડળી રંગરોગાન | ૭ | ૧.૦૮ |
| ૩. | બ્લક કુલર સહાય | ૭ | ૬૬.૦૫ |
| ૪. | મિલ્કીંગ મશીન સહાય | ૨૯૫ | ૫૪.૧૨ |
| ૫. | ચાફ કટર સહાય | ૩૮૧ | ૩૬.૩૮ |
| | **કુલ સહાય** | **૬૯૩** | **૧૬૦.૪૫** |

**પ્રગતિશીલ દૂધ ઉત્પાદક વિકાસ કાર્યક્રમ :**

પશુમાલિક પોતાનો ધંધો નફાકારક બનાવી શકે તે માટે ૬ દિવસની ટ્રેનીંગનું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત હજીસુધી ૮૬૧ પશુમાલિકોને ટ્રેનીંગ આપવામાં આવેલી છે.

**શુદ્ધ સંવર્ધન કાર્યક્રમ :**

આ પ્રોગ્રામ અંતર્ગત ૧૦૦ ટકા એચ.એફ. ઈમ્પોર્ટેડ સીમેનના ડોઝનો ઉપયોગ દિવસનું ૨૦ લીટર કે તેનાથી વધારે દૂધ આપતી ગાયમાં સબસીડીના દરે રૂ. ૨૦૦ ના કિંમતથી બીજદાન કરી આપવામાં આવે છે. ૬૨૦૭ સીમેન ડોઝનું વિતરણ કરેલ છે. જેનો ઉપયોગ ૨૭૬૪ પશુઓ માટે થયેલ છે. જે અંતર્ગત ૯૩૧ ગાભણ છે અને ૫૫૧ પશુઓમાં વિયાણ થયેલ છે. આ જ રીતે ઈમ્પોર્ટેડ સેક્સ્ડ સીમેન ડોઝ અંતર્ગત ૧૮૩૩ ડોઝનું સબસીડીનાં દરે રૂ. ૬૦૦ની કિંમતથી વિતરણ કરવામાં આવેલ જેનો ઉપયોગ ૭૬૨ પશુઓમાં કરેલ છે. જેમાં ૨૦૦ ગાભણ છે અને ૧૧૮ પશુઓમાં વિયાણ થયેલ છે. જેમાં ૩૮ વાછરડી અને ૫ વાછરડાં છે.




૮-૩-૨૦૧૯ ના રોજ દૂધ સાગર ડેરીમા વિશ્વ મહિલા દિવસની ઉજવણી કરતા ડેરીના અધ્યક્ષા શ્રીમતી આશાબેન ઠાકોર તથા ડેરીની મહિલા કર્મચારીઓ

## પશુસંવર્ધન :

પશુપાલનમાં ઓલાદ સુધારણા એ સૌથી અગત્યની અને આવશ્યક બાબત છે. દૂધસાગર ડેરી દ્વારા સન ૧૯૭૯થી પશુસંવર્ધન કેન્દ્ર ચલાવવામાં આવે છે. જગુદણ ખાતેના પશુસંવર્ધન કેન્દ્રમાં ઉંચી ઓલાદની માદા પશુના નર બચ્ચાને ત્રણ થી છ માસ જેટલી નાની ઉંમરે લાવી અત્યંત આધુનિક અને વૈજ્ઞાનિક રીતે કેળવવામાં આવ્યા બાદ તેમનામાંથી વીર્ય બીજ એકત્ર કરીને તેને થીજવીને કૃત્રિમ વીર્યદાન ડોઝ તૈયાર કરવામાં આવે છે. દૂધ મંડળીના કર્મચારીઓને કૃત્રિમ બીજદાનની સઘન તાલીમ આપી દરેક દૂધ મંડળી ખાતે કૃત્રિમ બીજદાન કેન્દ્ર ચલાવવામાં આવે છે. મહેસાણી ભેંસની ઓલાદની સુધારણા માટે પણ ''સંતતિ પરીક્ષણ'' કાર્યક્રમ ચલાવવામાં આવે છે. સિમેન સ્ટેશન જગુદણને ભારત સરકારશ્રી દ્વારા સતત ''એ'' ગ્રેડથી સન્માનિત કરેલ છે અને તે આઈ.એસ.ઓ. ૯૦૦૧:૨૦૧૫થી પ્રમાણિત છે જેનું દૂધસાગર ડેરીને ગૌરવ છે.

## રસીકરણ :

દૂધ વ્યવસાયમાં પશુઓના સ્વાસ્થ્યની તકેદારી સૌથી અગત્યની બાબત છે. જેથી દૂધસાગર ડેરી દ્વારા શરૂઆતથી જ ભાર મુકવામાં આવ્યો છે. વર્ષ દરમ્યાન ખરવા-મોવાસા, ગળસૂંઢો, ગાંઠીયોતાવ, ચેપી ગર્ભપાત અને હડકવા જેવા રોગો સામે રક્ષણ માટે રસીકરણ કરવામાં આવે છે. આ ઉપરાંત વર્ષમાં એક વખત સામૂહિક કૃમિનિવારણ કાર્યક્રમ કરવામાં આવે છે.

## સંતતિ પરીક્ષણ યોજના (પી.ટી.પ્રોજેક્ટ)

મહેસાણી ભેંસોમાં ઓલાદ સુધારણા માટે દૂધસાગર ડેરી અને દૂરડાના સહયોગથી ૧૯૮૫થી ''સંતતિ પરીક્ષણ યોજના'' (પી.ટી.પ્રોજેક્ટ) અમલમાં મૂકેલ છે. ડિસેમ્બર ૨૦૧૨થી એન. ડી.ડી.બી. સંચાલિત ભારત સરકારના નેશનલ ડેરી પ્લાન-૧ અંતર્ગત વિશ્વ બેંકની સહાયથી છ વર્ષનો સદર પ્રોજેક્ટ પૂર્ણ થયેલ છે. હાલમાં કુલ ૮૦ દૂધ મંડળીઓમાં આ પ્રોજેક્ટ રાષ્ટ્રીય ગોકુળ મિશન (ભારત સરકાર) અંતર્ગત ચાલુ છે.

## ગળીયા નિયંત્રણ કાર્યક્રમ (એમ.સી.પી.)

૪૧ દૂધ મંડળીમાં પ્રોગ્રામ શરૂ કરેલ છે. જેમાં ૪૬૪૩૦ દૂધ ઉત્પાદકોના દૂધનાં સેમ્પલ મંડળી ખાતે છૂપા ગળીયા માટે ચેક કરવામાં આવેલ જેમાંથી પોઝીટીવ આવેલા ૪૯૩૩૮ પશુઓમાં ચકાસણી કરેલ છે. અને તેમાં પોઝીટીવ આવેલા પશુઓને ફક્ત ૧૦૦ ગ્રામ ટ્રાઈ સોડિયમ સાઈટ્રેટ દવાનો ઉપયોગ કરીને જ આ રોગનું નિયંત્રણ કરવામાં આવેલ છે. પોઝીટીવ આવેલા સેમ્પલ ૨૫૧૧૦છે. જેમાં ૧૬૬૧૯માં ગાળીયાનો રોગ નાબુદ કરે છે.

## પશુ દૂધ ઉત્પાદકતા વૃદ્ધિ કાર્યક્રમ (પેપ) :

મહત્તમ દૂધ પ્રાપ્તિવાળી પ્રથમ ૩૬૪ દૂધ મંડળીઓમાં આ કાર્યક્રમ ચાલુ કરવામાં આવેલ છે. જે તે મંડળીના તમામ પશુઓની બીજદાન, ખાલી ગાભણ તથા વિયાણની માહિતી કડી નંબર સાથે ઓનલાઈન નાંખવામાં આવે છે. જેથી કરીને આપણને પ્રથમ વિયાણની ઉંમર અને બે વિયાણ વચ્ચેના સમયગાળાની સચોટ માહિતી મળતી રહે અને તે ઓછો કરી શકાય.

## પાડી-વાછરડી ઉછેર કાર્યક્રમ (સી.આર.પી.)

દૂધના ધંધામાં પાડી-વાછરડી એ પાયાની જરૂરીયાત હોઈ, તેનો વૈજ્ઞાનીક ઢબે ઉછેર થાય તે હેતુથી ચાલુ વર્ષે કુલ ૪૬૩ જેટલી દૂધ મંડળીઓમાં આ કાર્યક્રમ અમલી બનાવેલ છે. તેમાં સબસીડીથી મિલક રીપ્લેસર, સાગર પાડીદાણ અને વહેલું વિયાણ થાય તો

તેવી પાડીના માલિકને પ્રોત્સાહન ઈનામ પણ આપવામાં આવે છે. ચાલુ સાલે ૮૫૧૮ પાડી-વાછરડીનો આ પ્રોગ્રામમાં સમાવેશ થયેલ છે. ૪૧૬ માલિકોને પ્રોત્સાહન ઈનામ આપેલ છે.

**પશુ પ્રજનન ક્ષમતા સુધારણા કાર્યક્રમ :**

૩૬૩ દૂધ મંડળીમાંથી મહત્તમ દૂધ પ્રાપ્ત થાય છે ત્યાં પડતર પશુઓનું પ્રમાણ ઘટાડવા માટે આ કાર્યક્રમ અંતર્ગત દૂધ મંડળી ઉપર જુલાઈ થી માર્ચ માહિના સુધીમાં પશુવંધ્યત્વ નિવારણ માટે ચાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. ૨૦૧૮-૧૯માં ૧૦૮૯ કેમ્પમાં ૪૭૩૦૭ કેસમાં સારવાર આપવામાં આવેલ જેમાં ૩૩૨૪૮ પશુઓનો સમાવેશ થયેલ છે.

**સેકસ્ડ સીમેન ટેકનોલોજી :**

દૂધસાગર ડેરીનું જગુદણ પશુ સંવર્ધન કેન્દ્ર એ ગુજરાતમાં પ્રથમ સ્થાન અને ભારતમાં ત્રીજા નંબરનું સ્થાન ધરાવે છે જેના પરિણામે તેની સેકસીંગ ટેકનોલોજી (લિંગ પરિક્ષણ આધારિત પદ્ધતિ કે જેમાં તૈયાર થયેલ ડોઝથી કૃત્રિમ બીજદાનમાં માત્ર પાડી અને વાછરડી જ જન્મે) સ્થાપિત કરવા માટે પસંદગી થઈ છે. આ ટેકનોલોજીના ઉપયોગથી પાડી અને વાછરડીઓની સંખ્યામાં વધારો થશે અને જેના ફળસ્વરૂપ દૂધ ઉત્પાદનમાં વધારો થશે.

પશુ સંવર્ધન કેન્દ્ર જગુદણ ખાતે ફક્ત પાડી-વાછરડીનો જન્મ થાય તે માટે સેકસ્ડ સિમેન લેબોરેટરીની સ્થાપના કરવામાં આવેલ છે જે ઓગસ્ટ-૨૦૧૮થી કાર્યરત છે. જેમાં ભેંસોમાં મહેસાણી, મુર્રાહ, જાફરાબાદી અને ગાયોમાં સંકર ગાય, એચ.એફ., કાંકરેજ, ગીર, સાહીવાલ, થારપારકર વગેરે નસલના સેકસ્ડ સિમેન ડોઝનું ઉત્પાદન શરૂ થયેલ છે જેનો લાભ લેવા વિનંતી છે.






સેકસ્ડ સિમેન લેબોરેટરી, પશુ સંવર્ધન કેન્દ્ર, જગુદણ

**આદર્શ પાડી-વાછરડી ઉછેર કાર્યક્રમ :**

દૂધ સંઘના કાર્યવિસ્તારમાં આદર્શ પાડી - વાછરડી ઉછેર કાર્યક્રમ હેઠળ, શંકર ગાયની વાછરડીનું ૩૦ મહિનામાં વિયાણ થાય તેવું માપદંડ નક્કી કરેલ હતું. તેના કરતાં પણ વહેલું વિયાણ થાય તેવા પ્રયત્ન સાથે આપણી દૂધસાગર ડેરી સંકુલમાં ચરાડા ખાતે વ્યૂહાત્મક પાડી વાછરડી ઉછેર શરૂ કર્યું છે. જેમાં હાલ ૨૦ વાછરડીઓનો ઉછેર ચાલુ છે. જેનો સરેરાશ વૃદ્ધિદર ૬૦૦ ગ્રામ ઉપર છે. જેમાંથી ૧૨ ગાભણ અને ૮ વાછરડીનું વિયાણ થયેલ છે. જેનો હેતુ ઓછા ખર્ચે વૈજ્ઞાનિક પદ્ધતિથી વાછરડીનો ઉછેર કરી વાછરડીને ચોક્કસ વજન સાથે વહેલું વિયાણ થાય તે આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ છે. દૂધસાગર ડેરીના પશુપાલકો પાડી વાછરડી ઉછેર કાર્યક્રમમાં વધારે રસ દાખવતા થાય તો જિલ્લા બહારથી ગાય-ભેંસની ખરીદી કરવી ન પડે. જેમાં વાછરડી પસંદગીના માપદંડ દૂધ સંઘના કાર્યવિસ્તારમાં જે પશુઓને ૧૦૦% એચ.એફ. ઈમ્પોર્ટેડ અને સેકસ સીમેન ડોઝથી બીજદાન કર્યું હોય અને તે થકી જન્મેલ વાછરડી જેની ઉંમર ૧-૪ મહિના સુધીની હોય અને તેનું વજન આદર્શ વજનના કોષ્ટક પ્રમાણે આવતું હોય તેવી વાછરડીઓની પસંદગી કરેલ છે. ભવિષ્યમાં પસંદગીના માપદંડમાં ફેરફાર થઈ શકે છે.

**આભાર દર્શન**

દૂધ ઉત્પાદકોએ અમારા પર સંપૂર્ણ વિશ્વાસ મુક્યો છે અને તેમને વિશ્વાસ છે કે સંઘનું સુકાન યોગ્ય વ્યક્તિઓના હાથમાં છે. આ વિશ્વાસને કાયમ જાળવી રાખવા માટે મારી પડખે સતત ઉભા રહેવા તથા મારી જવાબદારીને સુગમ રીતે નિભાવવામાં સાથ આપવા બદલ નિયામક મંડળના મારા સાથી સભ્યોની હું ખૂબ આભારી છું.

ગુજરાત કો. ઓપ. મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના નિયામક મંડળનો પણ તેમના સહકાર બદલ આભાર માનું છું અને આવનારા સમયમાં ફેડરેશન પાસેથી વધુ સહકાર મળી રહે તેવી અપેક્ષા રાખવું છું.

સંઘની દૂધ મંડળીઓ, દૂધ ઉત્પાદકોના વિકાસ અને પશુઓની સારવારને જાળવણી અર્થે ભારત સરકાર અને ગુજરાત સરકારના સંબંધિત તમામ ખાતાઓ અને વિભાગોનો સહકાર બદલ આભાર માનું છું. સંઘના વેપાર ધંધાને ગતિશીલ રાખવા તથા વિકાસ માટેના હાથ ધરેલ યોજનામાં જરૂરી ભંડોળ પુરું પાડવા બદલ સંઘના તમામ બેન્કર્સનો આભાર માનું છું. સહકારી ક્ષેત્ર અને પશુપાલન ક્ષેત્રમાં વિવિધ કાર્યક્રમો માટે સહાય અને વખતો વખત મળેલા માર્ગદર્શન માટે એન. ડી. ડી. બી.નો આભાર માનું છું.

સંઘના દૂધ ઉત્પાદકોના યુવાધનને ડેરી-શિક્ષણના માધ્યમથી વૈશ્વિકરણના પથ પર લઈ જવા માટે માનસિહભાઈ ઈન્સ્ટિટયૂટ ઓફ ડેરી એન્ડ ફુડટેકનોલોજી કૉલેજ, કંકુબા પશુપાલન વિદ્યાપીઠ અને ગણપત યુનિવર્સિટીના વહીવટકર્તાઓનો આભાર માનું છું.

સતત પડખે રહી સંઘની દૂધ મંડળીઓ, અને દૂધ ઉત્પાદકોના વિકાસ તથા પશુઓની સેવા કાજે હંમેશા સાથ આપવા માટે દૂધ સાગર રિસર્ચ અને ડેવલોપમેન્ટ એસોસિએશન અને તેના નિયામક મંડળનો હૃદયપૂર્વક આભાર માનું છું.

દૂધ સંઘના નિયામક મંડળમાં વિશ્વાસ મુકવા બદલ તમામ દૂધ ઉત્પાદક મંડળીઓના પ્રમુખશ્રીઓ, મંત્રીશ્રીઓ, સહકારી આગેવાનો, વડીલો તથા તમામ દૂધ ઉત્પાદકોનો હૃદયપૂર્વક આભાર માનું છું.

દૂધ સંઘમાં ઓડીટ કામગીરી કરતા આંતરિક ઓડીટર અને સ્પેશ્યલ મિલ્ક ઓડિટર મહેસાણા ટીમનો આભાર માનું છું.

દૂધ સંઘના કર્મચારીઓ અને અધિકારીશ્રીઓને દૂધ ઉત્પાદકોનો ભરોસો કાયમ રહે તેવી નિષ્ઠાપૂર્વક બજાવેલ ફરજ માટે તેઓને ધન્યવાદ આપું છું.

સ્થળ : મહેસાણા

નિયામક મંડળ વતી
શ્રીમતી આશાબેન એમ. ઠાકોર
અધ્યક્ષા

# સિદ્ધિઓ અને પુરસ્કારો




ભેંસના કૃત્રિમ ગર્ભાધાન માટે લૈંગિક સિમેન શરૂ કરવા માટે મહેસાણા ડેરી આખી દુનિયામાં પ્રથમ છે. તે બદલ તા. ૧૬-૦૯-૨૦૧૮ના રોજ દિલ્હી ખાતે સંઘના મેનેજીંગ ડિરેક્ટરશ્રી નિશિથ બક્ષીનું બહુમાન




તા. ૭ સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ આણંદ (ગુજરાત) ખાતે દૂધસાગર ડેરીની ટીમે પ્રોડક્ટ મુલ્યાંકન પ્રતિસ્પર્ધામાં પ્રથમ સ્થાન







તા. ૮-૧૨-૨૦૧૮ના રોજ દિલ્હી મુકામે ફુડ સેફટી સમિટ-દિલ્હીમાં દૂધસાગર ડેરી વતી કંપની ઓફ ધ ઈયરનો પુરસ્કાર સ્વીકાર કરતા સંઘના મેનેજીંગ ડીરેક્ટરશ્રી નિશિથ બક્ષી







તા. ૧૭-૦૫-૨૦૧૯ના રોજ દિલ્હી મુકામે ઈન્ડિયા એફ. એન્ડ. બી. પેક સમિટ એન્ડ એવોર્ડ-૨૦૧૯માં દિલ્હી ખાતે દૂધસાગર ડેરી વતી સેફટી પેકેજીંગ ચેમ્પિયન ઓફ ધ ઈયરનો પુરસ્કાર સ્વીકાર કરતા સંઘના મેનેજર (પ્રોડકશન) શ્રી ચિરાગ એમ. પરીખ

# મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.,

## તા. ૩૧-૦૩-૨૦૧૯ના

| તા. ૩૧-૦૩-૨૦૧૮ રૂપિયા | ફંડ તથા દેવાં | રૂપિયા | તા. ૩૧-૦૩-૨૦૧૯ રૂપિયા |
|---|---|---|---|
| | **સત્તાવાર શેર ભંડોળ** | | |
| ૧,૦૦,૦૦,૦૦,૦૦૦ | રૂા. ૧૦૦/- નો એક (એવા ૧૦૦,૦૦,૦૦૦ શેર) | | ૧,૦૦,૦૦,૦૦,૦૦૦ |
| ૯૮,૨૪,૧૪,૯૦૦ | ભરપાઈ થયેલ શેર ભંડોળ | | ૯૮,૨૪,૧૪,૯૦૦ |
| | **અનામતો** | | |
| ૩૩,૫૯,૬૨,૮૪૫ | અનામત ફંડ (પરિશિષ્ટ-એ) | ૪૨,૦૮,૨૫,૩૫૨ | |
| ૧૨,૬૭,૨૮,૫૫૭ | અન્ય ફંડ (પરિશિષ્ટ-એ) | ૨૨,૨૭,૫૬,૧૬૬ | |
| ૧૮,૨૫,૪૦,૪૭૩ | એન.ડી.ડી.બી. ગ્રાન્ટ / સબસીડી | ૧૭,૨૯,૬૨,૦૪૬ | |
| ૧૦,૪૧,૪૪,૯૬૯ | શકમંદ લ્હેણા જોગવાઈ | ૧૦,૪૧,૪૪,૯૬૯ | |
| ૩,૬૪,૧૯,૦૩,૯૫૭ | એસેટ રીવેલ્યુશન રીઝર્વ | ૩,૬૪,૧૯,૦૩,૯૫૭ | |
| ૪,૩૯,૧૨,૮૦,૮૦૧ | | | ૪,૫૬,૨૫,૯૨,૪૯૦ |
| ૪૯,૨૪,૫૮,૦૫૦ | ડિફર્ડ ટેક્ષ જોગવાઈ | | ૫૪,૨૬,૨૩,૮૩૧ |
| | **લોન : (સિક્યોર્ડ)** | | |
| ૭,૪૨,૨૯,૪૦૪ | બેંક ઓફ બરોડા કેશ ક્રેડીટ | ૬૨,૭૯,૨૯,૩૩૩ | |
| ૧૫,૧૫,૧૯,૪૧૭ | બેંક ઓફ ઈન્ડિયા કેશ ક્રેડીટ | ૩૭,૧૨,૪૬,૨૩૭ | |
| ૬૪,૭૫,૨૧,૬૨૩ | એચ.ડી.એફ.સી. બેંક-કેશ ક્રેડીટ | ૮૯,૦૦,૦૭,૫૩૫ | |
| ૭૭,૮૨,૨૦,૧૧૦ | આઈસીઆઈસીઆઈ બેંક - કેશ ક્રડીટ | ૬૪,૨૫,૪૬,૦૫૭ | |
| ૧,૬૩,૩૫,૩૪,૩૧૦ | સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા કેશ ક્રેડીટ | ૧,૯૨,૮૩,૯૮,૩૮૯ | |
| ૭૫,૯૯,૭૮,૫૮૭ | સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા - ટર્મ લોન | ૫૯,૯૯,૭૮,૫૮૮ | |
| ૩૨,૧૪,૩૦,૭૦૦ | બેંક ઓફ બરોડા ટર્મ લોન<br>(સ્થાયી મિલ્કતોના હાઈપો તારણ સામે) | ૧૭,૮૫,૭૪,૭૦૦ | |
| ૧૨,૪૯,૯૯,૯૯૭ | આઈસીઆઈસીઆઈ બેંક ટર્મ લોન | ૫,૩૫,૭૧,૪૨૫ | |
| ૧,૧૭,૬૬,૫૩,૪૧૩ | એચ.ડી.એફ.સી. બેંક ટર્મ લોન | ૮૪,૯૨,૭૦,૩૦૩ | |
| ૬૨,૨૩,૦૨,૨૦૬ | એચ.ડી.એફ.સી. બેંક ટર્મ લોન | ૩૭,૯૧,૭૮,૩૩૩ | |
| ૧૯,૬૧,૫૯,૮૦૦ | એન.સી.ડી.સી. ટર્મ લોન | ૧૪,૪૪,૩૮,૮૦૦ | |
| ૬,૪૮,૬૫,૪૯,૫૬૭ | | | ૬,૬૬,૫૧,૩૯,૭૦૦ |
| | **અનસિક્યોર્ડ**<br>**બેંક શોર્ટ ટર્મ લોન** | | |
| ૨,૦૦,૦૦,૦૦,૦૦૦ | ઈન્ડસઈન્ડ બેંક | ૨,૦૦,૦૦,૦૦,૦૦૦ | |
| ૩૫,૪૨,૭૧,૫૨૮ | પંજાબ નેશનલ બેંક | ૯૮,૧૨,૬૮,૩૦૫ | |
| ૧,૦૦,૦૦,૦૦,૦૦૦ | ફેડરલ બેંક | ૧,૦૦,૦૦,૦૦,૦૦૦ | |
| ૨,૭૫,૦૦,૦૦,૦૦૦ | એચ.ડી.એફ.સી. બેંક | ૨,૬૦,૦૦,૦૦,૦૦૦ | |
| - | બેંક ઓફ બરોડા | ૧,૫૦,૦૦,૦૦,૦૦૦ | |
| - | ડી બી એસ બેંક | ૮૫,૦૦,૦૦,૦૦૦ | |
| - | ડી સી બી બેંક | -૪,૫૩,૦૮૫ | |
| ૩,૦૦,૦૦,૦૦,૦૦૦ | એકસીસ બેંક | ૩,૦૦,૦૦,૦૦,૦૦૦ | |
| ૯,૧૦,૪૨,૭૧,૫૨૮ | | | ૧૧,૯૩,૦૮,૧૫,૨૨૦ |
| | **ચાલુ દેવાં અને અને જોગવાઈઓ** | | |
| ૧,૨૦,૨૨,૭૮,૦૮૧ | ડિપોઝીટસ | ૧,૨૫,૭૯,૨૮,૦૦૭ | |
| ૨૦,૮૦૭ | અનપેઈડ ડિવિડન્ડ | ૨૩,૮૮૫ | |
| ૧,૩૫,૮૯,૮૫,૪૮૭ | દૂધ મંડળી દેવાં | ૧,૧૩,૫૪,૩૮,૬૮૭ | |
| ૨૬,૨૦,૧૬,૩૭૬ | ખર્ચ સામે દેવાં | ૩૨,૨૨,૯૨,૫૧૬ | |
| ૨,૭૨,૫૩,૮૭૧ | ખરીદી સામે દેવાં | ૫૬,૪૬,૬૦,૧૪૫ | |
| ૨૯,૩૧,૪૧,૬૨૩ | પરચુરણ દેવાં | ૨૯,૬૩,૦૪,૮૭૬ | |
| ૨,૯૪,૧૧,૦૭૦ | ઈન્કમટેક્ષ જોગવાઈ | ૨,૯૪,૧૧,૦૭૦ | |
| ૨૫,૫૫,૮૯,૩૩૮ | શકમંદ લ્હેણાં જોગવાઈ | ૨૫,૫૫,૮૯,૩૩૮ | |
| ૩૬,૮૩,૨૩,૩૬૪ | આકસ્મિક જવાબદારીઓની જોગવાઈઓ | ૪૨,૮૦,૬૮,૬૮૨ | |
| ૩,૭૯,૭૦,૨૦,૦૧૭ | | | ૪,૨૮,૯૭,૧૭,૨૦૬ |
| ૧૬,૯૫,૧૯,૬૭૨ | નફા-નુકસાન ખાતું ૨૦૧૬-૧૭ | | |
| ૧૬,૯૯,૩૦,૩૫૫ | નફા-નુકસાન ખાતું ૨૦૧૭-૧૮ | | |
| | નફા-નુકસાન ખાતું ૨૦૧૮-૧૯ | | ૧૮,૩૨,૬૯,૯૮૪ |
| **૨૫,૫૯,૩૪,૪૪,૮૯૦** | **કુલ રૂપિયા** | | **૨૯,૧૫,૬૫,૭૩,૩૩૧** |

**નોંધ : જરૂરીયાત મુજબ પાછળના વર્ષના આંકડાઓનું ફેરવર્ગીકરણ કરવામાં આવેલ છે.**

સ્થળ : મહેસાણા

સહી : સીએ. પીનલ ડી. શાહ
જનરલ મેનેજર (ફાયનાન્સ એન્ડ એકાઉન્ટ્સ)

સહી : નિશિથ જે. બક્ષી
મેનેજિંગ ડિરેક્ટર

સહી : શ્રીમતી આશાબેન મહિપાલસિંહ ઠાકોર — ચેરમેન
સહી : શ્રી મોઘજીભાઈ ધનજીભાઈ પટેલ (ચૌધરી) — વા. ચેરમેન
સહી : શ્રી વિપુલભાઈ એમ. ચૌધરી — નિયામક

# દૂધસાગર ડેરી, મહેસાણા - ૩૮૪૦૦૨

## રોજનું સરવૈયું

| તા. ૩૧-૦૩-૨૦૧૮ રૂપિયા | મિલ્કત અને લેણાં | રૂપિયા | તા. ૩૧-૦૩-૨૦૧૯ રૂપિયા |
|---|---|---|---|
| | **સ્થાયી મિલ્કત** | | |
| ૧૬,૮૩,૧૬,૮૦,૧૨૮ | ગ્રોસ બ્લોક (પરિશિષ્ટ-બી) | ૧૬,૯૭,૩૬,૪૮,૩૦૬ | |
| -૫,૦૨,૬૬,૮૨,૦૨૦ | બાદ : ઘસારા ફંડ (પરિશિષ્ટ-બી) | -૫,૫૪,૦૩,૦૨,૩૪૮ | |
| ૧૧,૮૦,૪૯,૯૮,૧૦૮ | નેટ બ્લોક | | ૧૧,૪૩,૩૩,૪૫,૯૫૮ |
| ૫,૪૬,૯૧,૫૦૦ | ચાલુ બાંધકામ-મશીનરી | | ૭,૮૦,૧૪,૩૪૦ |
| | **રોકાણ : (પડતર કિંમતે)** | | |
| ૩૭,૮૯,૮૨,૦૨૦ | શેર | ૩૭,૮૯,૮૨,૦૨૦ | |
| ૩૦,૦૦૦ | નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ | ૩૦,૦૦૦ | |
| ૩૭,૯૦,૧૨,૦૨૦ | | | ૩૭,૯૦,૧૨,૦૨૦ |
| | **સ્ટોક** | | |
| | **(અ) તૈયાર માલ તથા અર્ધ તૈયાર** | | |
| ૮,૭૮,૫૨,૦૩,૨૧૯ | તૈયાર માલ | ૧૦,૬૩,૩૩,૦૯,૨૭૭ | |
| ૪૭,૩૭,૪૬,૮૯૮ | અર્ધ તૈયાર માલ | ૪૨,૩૯,૬૨,૫૬૪ | |
| ૪,૦૯,૬૮,૨૮૦ | દૂધનો સ્ટોક | ૩,૯૩,૦૬,૬૩૦ | |
| ૯,૨૯,૯૯,૧૮,૩૯૭ | | | ૧૧,૦૯,૬૫,૭૮,૪૭૧ |
| | **(બ) પ્રોસેસીંગ સ્ટોક** | | |
| ૪૪,૭૩,૦૬,૨૫૩ | સ્ટોર્સ સ્ટોક | ૪૭,૦૯,૮૬,૧૯૩ | |
| ૧૬,૮૮,૮૬,૦૭૫ | કાચા માલનો સ્ટોક | ૩૪,૭૧,૫૬,૮૪૪ | |
| ૬૧,૬૧,૯૨,૩૨૮ | | | ૮૧,૮૧,૪૩,૦૩૭ |
| | **વ્યાપારી લ્હેણાં (વસુલાતપાત્ર)** | | |
| ૨,૪૧,૫૨,૫૮,૪૩૭ | વ્યાપારી લ્હેણાં | ૪,૨૯,૪૯,૧૬,૫૭૫ | |
| ૨,૪૧,૫૨,૫૮,૪૩૭ | | | ૪,૨૯,૪૯,૧૬,૫૭૫ |
| | **લોન અને એડવાન્સીઝ** | | |
| ૨,૯૫,૧૭,૭૭૪ | ડિપોઝીટસ | ૩,૪૮,૪૯,૦૧૦ | |
| ૪૪,૭૫,૮૯,૨૫૫ | એડવાન્સીઝ | ૬૧,૪૭,૪૧,૪૩૪ | |
| ૨,૯૭,૮૫,૨૦૦ | પરચુરણ લ્હેણાં | ૩,૭૧,૭૩,૦૯૬ | |
| ૧૪,૯૩,૨૧,૧૮૮ | એડવાન્સ ઈન્કમટેક્ષ | ૧૫,૦૪,૮૪,૪૩૧ | |
| ૬૫,૬૨,૧૩,૪૧૭ | | | ૮૩,૭૨,૪૭,૯૭૧ |
| | **રોકડ અને બેંક સિલક** | | |
| ૧,૬૪,૬૫૪ | રોકડ અને રોકડ સમકક્ષ | ૧,૫૭,૮૪૭ | |
| ૨૫,૪૫,૬૫,૭૬૪ | બેંક સિલક | ૯,૦૩,૭૨,૭૬૨ | |
| ૧૧,૨૪,૩૦,૨૬૫ | બાંધી મુદતની થાપણ | ૧૨,૮૭,૮૪,૩૫૦ | |
| ૩૬,૭૧,૬૦,૬૮૩ | | | ૨૧,૯૩,૧૪,૯૫૯ |
| ૨૫,૫૯,૩૪,૪૪,૮૯૦ | કુલ રૂપિયા | | ૨૯,૧૫,૬૫,૭૩,૩૩૧ |

સહી : શ્રી ઘનશ્યામસિંહ પરબતસિંહ વાઘેલા નિયામક
સહી : શ્રી મોંઘજીભાઇ વિસાભાઇ પટેલ નિયામક
સહી : શ્રી મેપાજી રૂપસંગજી ઠાકોર નિયામક

સહી : શ્રી દુરસિંહ ટેટસિંહ રાઠોડ નિયામક
સહી : શ્રીમતી ભગવતીબેન સક્તાભાઈ ભરવાડ નિયામક
સહી : શ્રી કાન્તિલાલ ત્રિભોવનદાસ પટેલ નિયામક

સહી : શ્રી ઇશ્વરભાઈ દેવચંદદાસ પટેલ નિયામક
સહી : શ્રી શંકરભાઈ જેસંગભાઈ ચૌધરી નિયામક
સહી : શ્રીમતી સુરજબેન પ્રભુદાસ ચૌધરી નિયામક
સહી : શ્રી વાઘુભાઈ વરવાભાઈ દેસાઈ નિયામક

# મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.,

## તા. ૩૧-૦૩-૨૦૧૯ના રોજ પૂરા થતાં વર્ષનું

| ૨૦૧૭-૧૮ રૂપિયા | ખર્ચ | રૂપિયા | ૨૦૧૮-૧૯ રૂપિયા |
|---|---|---|---|
| | **ઉઘડતો સ્ટોક** | | |
| ૫,૩૯,૩૪,૭૩૫ | દૂધનો સ્ટોક | ૪,૦૯,૬૮,૨૮૦ | |
| ૩૭,૨૨,૨૫,૭૫૫ | અર્ધ તૈયાર માલ | ૪૭,૩૭,૪૬,૮૯૮ | |
| ૪,૨૪,૦૫,૫૪,૬૩૭ | તૈયાર માલ | ૮,૭૮,૫૨,૦૩,૨૧૯ | |
| **૪,૬૬,૬૭,૧૫,૧૨૭** | | | **૯,૨૯,૯૯,૧૮,૩૯૭** |
| ૩૫,૨૨,૦૪,૦૪,૮૮૯ | દૂધ ખરીદી | | ૩૪,૭૬,૯૯,૦૧,૭૦૧ |
| ૧,૨૩,૨૪,૯૦,૨૨૮ | ખરીદી, પરિવહન અને પ્રાપ્તિ ખર્ચ | | ૧,૪૫,૩૯,૫૯,૭૮૮ |
| ૫,૭૭,૪૮,૯૪,૯૦૩ | માલ સામગ્રી વપરાશ | | ૬,૭૧,૫૦,૪૭,૧૦૪ |
| ૮,૨૧,૫૧,૪૪૮ | સહકાર વિકાસ ખર્ચ | | ૯,૭૪,૨૨,૨૭૫ |
| ૬૦,૦૪,૩૨,૩૯૩ | પ્રોસેસીંગ ખર્ચ | | ૫૯,૩૧,૬૦,૮૩૭ |
| ૯૦,૦૨,૯૧,૬૧૦ | પાવર અને બળતણ ખર્ચ | | ૧,૦૧,૬૨,૧૮,૮૩૯ |
| ૭૭,૫૮,૬૦,૭૯૫ | પગાર અને વેતન | | ૮૯,૩૬,૧૫,૭૯૫ |
| ૩૩,૩૨,૮૧,૨૦૮ | પી. એફ. ગ્રેજ્યુઈટી અન્ય સવલત | | ૩૧,૩૮,૯૧,૨૮૦ |
| ૨૩,૩૬,૩૬,૨૬૭ | મરામત અને નિભાવ ખર્ચ | | ૩૨,૦૭,૨૯,૬૨૨ |
| ૧૨,૨૮,૬૫,૯૮૧ | નૂર અને રવાનગી ખર્ચ | | ૧૩,૪૪,૨૯,૧૨૧ |
| ૧,૭૬,૭૭,૨૪૪ | માર્કેટીંગ ખર્ચ | | ૨,૭૫,૮૦,૯૩૭ |
| ૧,૮૮,૭૭,૩૪૬ | ટપાલ, ટેલીફોન, પ્રિન્ટીંગ અને સ્ટેશનરી | | ૧,૭૦,૦૮,૦૭૭ |
| ૧,૩૧,૬૭,૪૭૬ | વિમા પ્રિમીયમ | | ૨,૪૧,૦૭,૪૪૪ |
| ૧૧,૭૩,૯૮,૧૯૨ | ભાડા અને વેરા ખર્ચ | | ૧૪,૮૭,૮૭,૭૫૩ |
| ૪,૯૦,૨૯,૩૬૦ | અન્વેષણ ખર્ચ ફી | | ૪,૬૦,૦૬,૦૮૩ |
| ૪,૧૫,૧૦,૨૨૮ | પરચુરણ ખર્ચ | | ૬,૩૪,૫૮,૧૪૧ |
| ૧,૦૮,૫૧,૦૫,૩૯૦ | વ્યાજ તથા બેંક કમિશન | | ૧,૪૬,૨૦,૭૧,૦૮૩ |
| ૫૫,૦૩,૩૩,૬૦૫ | ઘસારો | | ૫૦,૯૭,૧૫,૮૮૦ |
| ૨,૯૪,૧૧,૦૭૦ | ઈન્કમટેક્ષ જોગવાઈ / ખર્ચ | | - |
| ૮,૭૫,૭૪,૪૭૩ | ડિફર્ડ ટેક્ષ જોગવાઈ | | ૫,૦૧,૬૫,૭૮૧ |
| ૧૬,૯૯,૩૦,૩૫૫ | ચોખ્ખો નફો | | ૧૮,૩૨,૬૯,૯૮૪ |
| **૫૨,૧૨,૩૦,૩૯,૫૮૮** | **કુલ રૂપિયા** | | **૫૮,૧૪,૦૪,૬૫,૯૨૨** |

**નોંધ : જરૂરીયાત મુજબ પાછળના વર્ષના આંકડાઓનું ફેરવર્ગીકરણ કરવામાં આવેલ છે.**

**સ્થળ : મહેસાણા**

**સહી : સીએ. પીનલ ડી. શાહ**
**જનરલ મેનેજર (ફાયનાન્સ એન્ડ એકાઉન્ટ્સ)**

**સહી : નિશિથ જે. બક્ષી**
**મેનેજિંગ ડિરેક્ટર**

**સહી : શ્રીમતી આશાબેન મહિપાલસિંહ ઠાકોર — ચેરમેન**
**સહી : શ્રી મોઘજીભાઈ ધનજીભાઈ પટેલ (ચૌધરી) — વા. ચેરમેન**
**સહી : શ્રી વિપુલભાઈ એમ. ચૌધરી — નિયામક**

# દૂધ સાગર ડેરી, મહેસાણા - ૩૮૪૦૦૨

## વ્યાપાર તથા નફા - નુકશાન ખાતું

| ૨૦૧૭-૧૮ રૂપિયા | આવક | રૂપિયા | ૨૦૧૮-૧૯ રૂપિયા |
|---|---|---|---|
| ૪૨,૭૦,૭૧,૦૧,૯૩૫ | વેચાણ | ૪૬,૯૩,૩૪,૦૧,૮૯૬ | |
| ૪૨,૭૦,૭૧,૦૧,૯૩૫ | કુલ | | ૪૬,૯૩,૩૪,૦૧,૮૯૬ |
| ૬,૬૨,૮૧,૮૮૬ | ડીવીડન્ડ આવક | | ૬,૯૨,૯૭,૮૫૫ |
| ૩,૧૨,૩૮,૩૦૨ | વ્યાજ આવક | | ૧,૯૨,૨૫,૩૨૨ |
| ૧,૮૪,૯૯,૦૬૮ | પરચુરણ આવક | | ૨,૧૯,૬૨,૩૭૮ |
| | **બંધ સ્ટોક** | | |
| ૪,૦૯,૬૮,૨૮૦ | દૂધનો સ્ટોક | ૩,૯૩,૦૬,૬૩૦ | |
| ૪૭,૩૭,૪૬,૮૯૮ | અર્ધ તૈયાર માલ | ૪૨,૩૯,૬૨,૫૬૪ | |
| ૮,૭૮,૫૨,૦૩,૨૧૯ | તૈયાર માલ | ૧૦,૬૩,૩૩,૦૯,૨૭૭ | |
| **૯,૨૯,૯૯,૧૮,૩૯૭** | | | **૧૧,૦૯,૬૫,૭૮,૪૭૧** |
| **૫૨,૧૨,૩૦,૩૯,૫૮૮** | **કુલ રૂપિયા** | | **૫૮,૧૪,૦૪,૬૫,૯૨૨** |

સહી : શ્રી ઘનશ્યામસિંહ પરબતસિંહ વાઘેલા નિયામક
સહી : શ્રી મોંઘજીભાઇ વિસાભાઇ પટેલ નિયામક
સહી : શ્રી મેપાજી રૂપસંગજી ઠાકોર નિયામક
સહી : શ્રી દુરસિંહ ટેટસિંહ રાઠોડ નિયામક
સહી : શ્રીમતી ભગવતીબેન સકતાભાઈ ભરવાડ નિયામક
સહી : શ્રી કાન્તિલાલ ત્રિભોવનદાસ પટેલ નિયામક
સહી : શ્રી ઇશ્વરભાઈ દેવચંદદાસ પટેલ નિયામક
સહી : શ્રી શંકરભાઈ જેસંગભાઈ ચૌધરી નિયામક
સહી : શ્રીમતી સુરજબેન પ્રભુદાસ ચૌધરી નિયામક
સહી : શ્રી વાઘુભાઈ વરવાભાઈ દેસાઈ નિયામક

# મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., મહેસાણા-૩૮૪૦૦૨

## પરિશિષ્ટ - એ સરવૈયાનો ભાગ

## રીઝર્વ ફંડ અને અન્ય ફંડો સને ૨૦૧૮-૧૯

| ફંડ નું નામ | બાકી તા.૩૧-માર્ચ-૨૦૧૮ રૂપિયા | વર્ષ દરમિયાન ઉમેરો રૂપિયા | વર્ષ દરમિયાન ઘટાડો રૂપિયા | બાકી તા.૩૧-માર્ચ-૨૦૧૯ રૂપિયા |
|---|---|---|---|---|
| રીઝર્વ ફંડ | ૩૩,૫૯,૬૨,૮૪૫ | ૮,૪૮,૬૨,૫૦૭ | - | ૪૨,૦૮,૨૫,૩૫૨ |
| અન્ય ફંડો | | | | |
| જનરલ રિઝર્વ ફંડ | ૧૧,૨૬,૩૫,૪૨૫ | ૯,૦૦,૨૭,૬૦૯ | - | ૨૦,૨૬,૬૩,૦૩૪ |
| ડબલ્યુ એફ પી ડેવલોપમેન્ટ ફંડ | ૧૩,૬૮,૧૩૨ | - | - | ૧૩,૬૮,૧૩૨ |
| ધર્માદા ફંડ | ૧,૨૭,૨૫,૦૦૦ | ૬૦,૦૦,૦૦૦ | - | ૧,૮૭,૨૫,૦૦૦ |
| શકમંદ લ્હેણા તથા આકસ્મિક ખર્ચ ફંડ | ૧૦,૪૧,૪૪,૯૬૯ | - | - | ૧૦,૪૧,૪૪,૯૬૯ |
| **કુલ** | **૨૩,૦૮,૭૩,૫૨૬** | **૯,૬૦,૨૭,૬૦૯** | - | **૩૨,૬૯,૦૧,૧૩૫** |
| **ગ્રાન્ટ/સબસીડી** | | | | |
| સોલર વોટર હીટર પ્લાન્ટ (ગેડા) | ૮,૪૯,૧૬૬ | - | | ૮,૪૯,૧૬૬ |
| એન.ડી.ડી.બી. ઓપરેશન ફલડ-૨ | ૧,૪૬,૦૧,૪૯૨ | - | | ૧,૪૬,૦૧,૪૯૨ |
| એન.ડી.ડી.બી. ઓપરેશન ફલડ-૩ | ૧૫,૩૮,૮૦,૬૦૯ | - | ૩૫,૪૨,૦૮૮ | ૧૫,૦૩,૩૮,૫૨૧ |
| પી.ટી.,એન.ડી.પી.-૧ પ્રોજેક્ટ | ૨૨૪૦૨૧૬ | - | ૫૮,૬૧૫ | ૨૧,૮૧,૬૦૧ |
| આર.બી.પી. એન.ડી.પી.-૧ પ્રોજક્ટ | ૧,૦૨,૨૧૮ | - | ૧,૦૨,૨૧૮ | - |
| સીમેન સ્ટેશન સ્ટ્રેન્થનીંગ એન.ડી.પી.-૧ | ૮૦,૦૦,૬૩૭ | - | ૫૮,૭૫,૫૦૬ | ૨૧,૨૫,૧૩૧ |
| પેપ માટેની સહાય | ૨૮,૬૬,૧૩૫ | - | | ૨૮,૬૬,૧૩૫ |
| **કુલ** | **૧૮,૨૫,૪૦,૪૭૩** | - | **૯૫,૭૮,૪૨૭** | **૧૭,૨૯,૬૨,૦૪૬** |
| લેન્ડ રિવેલ્યુએશન રીઝર્વ | ૩,૬૪,૧૯,૦૩,૯૫૭ | - | - | ૩,૬૪,૧૯,૦૩,૯૫૭ |
| **કુલ રૂપિયા** | **૪,૩૯,૧૨,૮૦,૮૦૧** | **૧૮,૦૮,૯૦,૧૧૬** | **૯૫,૭૮,૪૨૭** | **૪૫,૬૨,૫૯,૨૪૯૦** |

## સહકારી નિબંધ તથા પેટા કાયદા અનુસાર નફાની વહેંચણી સને ૨૦૧૮-૧૯

| વિગત | રૂપિયા | વિગત | રૂપિયા |
|---|---|---|---|
| અનામત ભંડોળ ૨૫ ટકા | ૪,૫૮,૧૭,૪૯૬ | ચોખ્ખો નફો | ૧૮,૩૨,૬૯,૯૮૪ |
| શિક્ષણ ફાળો | ૧,૦૦,૦૦૦ | | |
| ધર્માદા ફંડ માટે | ૩૦,૦૦,૦૦૦ | | |
| ૯ ટકા પ્રમાણે ડિવિડન્ડ | ૮,૮૪,૧૭,૩૪૧ | | |
| સામાન્ય અનામત ભંડોળ | ૪,૫૯,૩૫,૧૪૭ | | |
| **કુલ રૂપિયા** | **૧૮,૩૨,૬૯,૯૮૪** | **કુલ રૂપિયા** | **૧૮,૩૨,૬૯,૯૮૪** |

# મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., મહેસાણા-૩૮૪૦૦૨

## પરિશિષ્ટ - બી સરવૈયાનો ભાગ

## મિલ્કત તથા ઘસારા ફંડની વિગત દર્શાવતું પત્રક સને ૨૦૧૮-૧૯

(રૂપિયા)

| | | ગ્રોસ બ્લોક (મૂળ કિંમત) | | | | ઘસારાનું પ્રોવિઝન | | | | નેટ બ્લોક | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અ.નં. | મિલ્કતનું વર્ણન | બાકી તારીખ ૩૧-૦૩-૨૦૧૮ | વર્ષ દરમ્યાન ઉમેરો | વર્ષ દરમ્યાન ઘટાડો | કુલ કિંમત તારીખ ૩૧-૦૩-૨૦૧૯ | બાકી તારીખ ૩૧-૦૩-૨૦૧૮ | વર્ષ દરમ્યાન ઉમેરો | વર્ષ દરમ્યાન ઘટાડો | કુલ ઘસારો તારીખ ૩૧-૦૩-૨૦૧૯ | બાકી તારીખ ૩૧-૦૩-૨૦૧૯ | બાકી તારીખ ૩૧-૦૩-૨૦૧૮ |
| ૧. | જમીન | ૪૧૧,૮૮,૯૦,૩૯૪ | - | - | ૪,૧૧,૮૮,૯૦,૩૯૪ | - | - | - | - | ૪,૧૧,૮૮,૯૦,૩૯૪ | ૪,૧૧,૮૮,૯૦,૩૯૪ |
| ૨. | મકાન | ૪૨૮,૩૭,૦૫,૮૦૩ | ૧,૩૧,૯૩,૬૧૩ | - | ૪,૨૯,૬૮,૯૯,૪૧૬ | ૧,૦૪,૫૨,૮૧,૧૬૭ | ૧૫,૪૮,૦૯,૩૧૨ | - | ૧,૨૦,૦૦,૯૦,૪૭૯ | ૩,૦૯,૬૮,૦૮,૯૩૭ | ૩,૨૩,૮૪,૨૪,૬૩૬ |
| ૩. | પ્લાન્ટ અને મશીનરી | ૭૭૩,૫૨,૪૨,૯૪૫ | ૧૨,૨૧,૬૯,૫૬૯ | ૩૬,૪૮,૭૦૩ | ૭,૮૫,૩૭,૬૩,૮૧૧ | ૩,૫૭,૪૭,૭૧,૮૯૫ | ૩૩,૪૮,૧૭,૫૭૪ | ૨૯,૧૨,૩૬૦ | ૩,૯૦,૬૬,૭૭,૧૦૯ | ૩,૯૪,૭૦,૮૬,૭૦૨ | ૪,૧૬,૦૪,૭૧,૦૫૦ |
| ૪. | ઓફિસ સાધનો | ૪,૩૫,૪૮,૬૦૫ | ૧૬,૯૧,૭૦૬ | ૯૪,૫૦૦ | ૪,૫૧,૪૫,૮૧૧ | ૨,૨૫,૦૨,૬૨૬ | ૨૩,૩૩,૭૫૭ | ૬૩,૫૩૪ | ૨,૪૭,૭૨,૮૪૯ | ૨,૦૩,૭૨,૯૬૨ | ૨,૧૦,૪૫,૯૭૯ |
| ૫. | ડેટા પ્રોસેસીંગ સાધનો | ૧૮,૫૬,૮૮,૩૨૫ | ૨૧,૪૫,૮૬૭ | - | ૧૮,૭૮,૩૪,૧૯૨ | ૧૪,૧૬,૪૮,૮૬૦ | ૬૯,૪૫,૯૯૪ | - | ૧૪,૮૫,૯૪,૮૫૪ | ૩,૯૨,૩૯,૩૩૮ | ૪,૪૦,૩૯,૪૬૫ |
| ૬. | ઈલે.ફીકચર્સ અને ફિટીંગ્સ | ૧૬,૦૭,૮૬,૦૦૬ | ૯,૪૯,૨૦૩ | ૫૧,૩૬૩ | ૧૬,૧૬,૮૩,૮૪૬ | ૫,૫૮,૨૭,૫૫૫ | ૫૦,૯૪,૫૬૯ | ૩૦,૨૦૮ | ૬,૦૮,૯૧,૯૧૬ | ૧૦,૦૭,૯૧,૯૩૦ | ૧૦,૪૯,૫૮,૪૫૧ |
| ૭. | કેન | ૧૮,૫૨,૨૪,૮૮૩ | ૨૫,૪૨,૯૮૮ | - | ૧૮,૭૭,૬૭,૮૭૧ | ૧૩,૨૧,૭૦,૭૨૩ | ૬૧,૨૫,૮૩૬ | - | ૧૩,૮૨,૯૬,૫૫૯ | ૪,૯૪,૭૧,૩૧૨ | ૫,૩૦,૫૪,૧૬૦ |
| ૮. | ફર્નિચર, ફીકચર્સ | ૭,૫૭,૯૫,૩૭૪ | ૧૨,૩૮,૪૫૨ | - | ૭,૭૦,૩૩,૮૨૬ | ૨,૬૩,૪૭,૮૭૧ | ૪૪,૨૦,૫૪૧ | - | ૩,૦૭,૬૮,૪૧૨ | ૪,૬૨,૬૫,૪૧૪ | ૪,૯૪,૪૭,૫૦૩ |
| ૯. | વાહનો | ૪,૨૬,૩૦,૭૭૯ | ૮,૫૧,૧૪૧ | - | ૪,૩૪,૮૧,૯૨૦ | ૨,૮૧,૩૧,૩૨૩ | ૨૦,૭૮,૮૪૭ | - | ૩,૦૨,૧૦,૧૭૦ | ૧,૩૨,૭૧,૭૫૦ | ૧,૪૪,૯૯,૪૫૬ |
| ૧૦. | લાઈવ સ્ટોક | ૧,૬૭,૦૧૪ | ૧૦,૦૪,૯૦૫ | ૨૪,૭૦૦ | ૧૧,૪૭,૨૧૯ | - | - | - | - | ૧૧,૪૭,૨૧૯ | ૧,૬૭,૦૧૪ |
| | કુલ રૂ. | ૧૬,૮૩,૧૬,૮૦,૧૨૮ | ૧૪,૫૭,૮૭,૪૪૪ | ૩૮,૧૯,૨૬૬ | ૧૬,૯૭,૩૬,૪૮,૩૦૬ | ૫,૦૨,૬૬,૮૨,૦૨૦ | ૫૧,૬૬,૨૬,૪૩૦ | ૩૦,૦૬,૧૦૨ | ૫,૫૪,૦૩,૦૨,૩૪૮ | ૧૧,૪૩,૩૩,૪૫,૯૫૮ | ૧૧,૮૦,૪૯,૯૮,૧૦૮ |

# મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., મહેસાણા

## ખર્ચનું અંદાજપત્ર સને ૨૦૧૯-૨૦

| અ.નં | ખર્ચ ખાતાનું નામ | અંદાજિત ખર્ચ (રૂપિયા કરોડમાં) |
|---|---|---|
| ૧ | દૂધ ખરીદી | ૪,૦૬૪.૦૪ |
| ૨ | ખરીદી, પરિવહન અને પ્રાપ્તિ ખર્ચ | ૧૫૭.૫૯ |
| ૩ | માલસામગ્રી વપરાશ | ૬૬૪.૧૦ |
| ૪ | સહકાર વિકાસ ખર્ચ | ૧૨.૧૮ |
| ૫ | પ્રોસેસીંગ ખર્ચ | ૭૩.૯૬ |
| ૬ | પાવર અને બળતણ ખર્ચ | ૧૦૫.૯૫ |
| ૭ | પગાર અને વેતન | ૮૨.૧૩ |
| ૮ | પી. એફ. ગ્રેજ્યુઈટી અન્ય સવલત | ૧૯.૧૪ |
| ૯ | મરામત અને નિભાવ ખર્ચ | ૧૬.૧૧ |
| ૧૦ | નૂર અને રવાનગી ખર્ચ | ૧૨.૬૧ |
| ૧૧ | માર્કેટીંગ ખર્ચ | ૨.૧૦ |
| ૧૨ | ટપાલ, ટેલીફોન, પ્રિન્ટીંગ અને સ્ટેશનરી | ૧.૮૮ |
| ૧૩ | વિમા પ્રિમીયમ | ૧.૫૩ |
| ૧૪ | ભાડા અને વેરા ખર્ચ | ૧૯.૫૩ |
| ૧૫ | અન્વેષણ ખર્ચ ફી | ૬.૩૮ |
| ૧૬ | પરચુરણ ખર્ચ | ૫.૨૭ |
| ૧૭ | વ્યાજ તથા બેંક કમિશન | ૧૬૨.૦૦ |
| | **કુલ સરવાળો** | **૫,૪૦૬.૫૦** |

## મૂડીખર્ચનું અંદાજપત્ર સને ૨૦૧૯-૨૦

| અ.નં | મૂડી ખર્ચ ખાતાનું નામ | અંદાજિત ખર્ચ (રૂપિયા કરોડમાં) |
|---|---|---|
| ૧ | દૂધસાગર ડેરી, મહેસાણા | ૨૨૬.૩૩ |
| ૨ | દૂધમાનસાગર ડેરી, માનેસર | ૧૯.૬૪ |
| ૩ | દૂધમોતીસાગર ડેરી, ધારુહેડા | ૬૦.૧૩ |
| ૪ | શીતકેન્દ્રો | ૭૨.૩૦ |
| ૫ | કેટલફીડ પ્લાન્ટ | ૧૫.૫૩ |
| ૬ | કંકુબા વેટરનરી કોલેજ અને સિમેન સ્ટેશન | ૧૮૭.૯૪ |
| | **કુલ સરવાળો** | **૫૮૧.૮૭** |

# મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., મહેસાણા

## મહત્વની હિસાબી નીતિઓ, હિસાબો અને આકસ્મિક જવાબદારીઓ પરની નોંધ સને ૨૦૧૮-૧૯

**(અ) મહત્વની લાગુ પાડવામાં આવેલ હિસાબી નોંધો તથા હિસાબી નોંધોને લગતી પોલીસી નીચે પ્રમાણે છે.**

**(૧) હિસાબી પ્રણાલી :** નાણાંકીય હિસાબો ઐતિહાસિક પ્રણાલી મુજબ એક્રુઅલના ધોરણે સામાન્ય રીતે સ્વીકૃત હિસાબી સિધ્ધાંતો મુજબ તૈયાર કરવામાં આવ્યા છે.

**(૨) આવકની હિસાબી નોંધ :** આવકની હિસાબી નોંધ સંઘને થનાર આર્થિક ફાયદો અને આવકની ગણતરી ચોક્કસ રીતે થઈ શકે તે મુજબ, વેચાણની હિસાબી નોંધ માલના હસ્તાંતરણના આધારે કરેલ છે. તમામ આવક અને ખર્ચની નોંધણી એક્રુઅલના ધોરણે કરવામાં આવે છે. વેચાણ પર લાગુ પડતી કરવેરાની રકમ વેચાણમાંથી બાદ કરીને દર્શાવેલ છે.

**(૩) સ્થાવર / જંગમ મિલકતો :** મિલકતોનું મુલ્યાંકન ખરીદ કિંમતના આધારે કરવામાં આવેલ છે. મિલકતોની કિંમતમાં ખરીદ કિંમત, વ્યાજ અને બીજા સીધા ખર્ચાઓ કે જે મિલકતને ઉપયોગમાં લેવા માટે કરવામાં આવ્યા હોય તેનો સમાવેશ કરવામાં આવેલ છે.

**(૪) રોકાણો :** રોકાણો લાંબાગાળા માટે કરેલ હોવાથી તેને પડતર કિંમતે દર્શાવેલ છે.

**(૫) ચીજ વસ્તુઓની નોંધ :**

અ. કાચો માલ, અર્ધ તૈયાર માલ અને પેકીંગ મટીરીયલ્સ વગેરેનું મુલ્યાંકન પડતર કિંમતે કરેલ છે.

બ. સ્ટોર્સ અને સ્પેર્સનું મુલ્યાંકન પડતર કિંમતે કરેલ છે.

ક. વેપારી માલ સ્ટોક અને તૈયાર માલનું મુલ્યાંકન તેની પડતર કિંમત અથવા અંદાજીત મળવાપાત્ર કિંમત, જે ઓછી હોય તેના ધોરણે કરેલ છે.

**(૬) જોગવાઈ ન કરેલ સંભવિત / આકસ્મિક જવાબદારીઓ (અંદાજીત) :**

અ. જુદાજુદા કારણોસર સંઘે રૂા.૫૯૧૭.૭૭ લાખની બેન્ક ગેરંટી આપેલ છે.

બ. ફરનેસ ઓઈલ ઉપર સેનવેટના કારણે એક્સાઈઝની જવાબદારી રૂા.૨૭૩.૫૨ લાખની છે.

ક. સીમેન બેંક ઓફિસર, એચ.એલ.ડી.બી., ગુરગાંવ દ્વારા હરિયાણા મુર્રાહ બફેલો એન્ડ અધર મિલ્ચ એનીમલ બોર્ડ એકટ- ૨૦૦૧ ની કલમ-૬ હેઠળ હરિયાણા રાજ્ય સરકારે નોટિફિકેશન નં.૩૪૮૯ એચ.એલ.ડી.બી/૦૩/૦૫/૧૯ મુજબ તા. ૦૯.૦૯.૨૦૦૧ થી લાઈસન્સ કેપેસીટી પર પ્રતિ લિટર ૧૦ પૈસા સેસની માંગણી કરેલ છે. માન્યવર હરિયાણા સરકારે સેસ ૧૦ પૈસાથી ઘટાડી ૫ પૈસા પ્રતિ લિટર કરેલ છે જે તારીખ ૦૪.૦૨.૨૦૧૬ થી અમલમાં આવેલ છે. જેની સામે સંઘે હરિયાણા હાઈકોર્ટમાં અપીલ કરેલ છે અને જેનો ચુકાદો આવવાનો બાકી છે. સદર સેસની રકમ

વ્યાજ તા.૩૧.૧૨.૨૦૧૮ સુધીમાં રૂ.૧૩૩.૯૨ કરોડ થાય છે. જેમાં રૂ.૨૧.૫૯ કરોડ મૂળ રકમ તથા રૂ.૧૧૨.૩૩ કરોડ વ્યાજની રકમ થાય છે. જે પૈકી સેસની મૂળ રકમ રૂ.૧૯.૪૦ કરોડની જોગવાઈ અગાઉના વર્ષમાં કરવામાં આવેલ છે અને રૂ.૪.૩૨ કરોડની જોગવાઈ સને ૨૦૧૭-૧૮ ના હિસાબોમાં કરવામાં આવેલ છે તથા વ્યાજની રકમની જોગવાઈ કરવામાં આવેલ નથી. તે સિવાય સંઘ દ્વારા નામદાર સુપ્રીમ કોર્ટના ઓર્ડર મુજબ રૂ.૯,૩૬,૫૧,૦૦૦/- સેસ ની રકમ માટે વર્ષ ૨૦૧૪-૧૫માં ચુકવણી કરવામાં આવેલ છે. જે સરવૈયામાં લ્હેણા તરીકે દર્શાવેલ છે. સદર રકમની જોગવાઈ વર્ષ ૨૦૧૫-૧૬ના હિસાબોમાં કરવામાં આવેલ છે.

ડ. એમ.આર.ટી.એસ.ની કેટલીક વિવાદાસ્પદ જવાબદારીઓની જોગવાઈ કરેલ નથી કારણ કે તેની રકમ નક્કી કરવી મુશ્કેલ છે.

ઈ. આવકવેરાની જવાબદારી નીચે મુજબ છે. જેની સામે સંઘે અપીલ કરેલ છે.

| આકારણી વર્ષ | અપીલ ઓથોરીટી | રકમ રૂા. |
|---|---|---|
| ૨૦૦૮-૦૯ | ઈન્કમટેક્ષ ટ્રીબ્યુનલ | ૧૧,૫૮,૧૦૦/- |
| ૨૦૧૧-૧૨ | ઈન્કમટેક્ષ ટ્રીબ્યુનલ | ૧૦,૪૧,૭૭૦/- |
| ૨૦૧૩-૧૪ | કમિશ્નર ઓફ ઈન્કમટેક્ષ (અપીલ) | ૩૦,૮૦,૮૫,૫૯૦/- |

ફ. ઈ.પી.સી.જી અંતર્ગત આયાતની સામે બાકી રહેતી નિકાસને કારણે વેરાની જવાબદારી રૂ. ૯.૫૧ કરોડ છે.

ગ. રેવાડી હરિયાણા સેલ્સટેક્ષ અધિકારીએ રૂ.૩.૧૧ કરોડની ઓર્ડર નં.૭૮૯/૨૦૧૪-૧૫ ની માંગની સામે ૨૬.૦૩.૨૦૧૮ ના રોજ વેરાની માંગણી કરેલ છે. આ વિવાદિત માંગણી સામે સંઘે સંયુકત કમિશનર ફરીદાબાદ ખાતે અપીલ દાખલ કરેલ છે.

હ. ઉત્તરપ્રદેશ મંડી ટેક્ષ ના અંગેની વિવાદાસ્પદ જવાબદારી રૂ.૭૬.૨૭ લાખની ઉદભવેલ છે, જેની સામે સંઘે ઈલાહાબાદ હાઈકોર્ટમાં અપીલ દાખલ કરેલ છે.

**(૭) આવક વેરાની જોગવાઈ :**

અ. ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ માં આવેકવેરાની જોગવાઈ ઈન્કમ ટેક્ષના કાયદા મુજબ જવાબદારી ઉભી થતી ન હોવાથી સદર વર્ષમાં કોઈ જોગવાઈ કરેલ નથી.

બ. વિલંબિત આવકવેરો કે જે હિસાબી નફો અને કરપાત્ર નફા વચ્ચેના કામચલાઉ સમય તફાવતના કારણે ઉદભવે છે તે સરવૈયાની પ્રર્વતમાન કરના દર અને કાયદાને ધ્યાનમાં લઈને નોંધવામાં આવે છે. વિલંબિત આવક વેરા મિલકત ત્યારે જ નોંધવામાં અને આગળ લઈ જવામાં આવે છે. જ્યારે ભવિષ્યમાં તે મિલકત ઉપલબ્ધ થશે તેની વ્યાજબી અથવા વાસ્તવિક ખાત્રી છે. જે એકાઉન્ટીંગ સ્ટાન્ડર્ડ-૨૨ મુજબ છે.

**(૮)** ગ્રાન્ટ અને સબસીડી ત્યારે જ ઓળખ કરવામાં આવે છે જ્યારે એવી ખાતરી હોય છે કે (૧) સંઘ આ સાથે સંકળાયેલ તમામ શરતોનું પાલન કરી શકશે અને (૨) ગ્રાન્ટ/સબસીડી મળશે. જ્યારે ગ્રાન્ટ અથવા સબસીડી આવક ને લગતી હોય ત્યારે તેની

ઓળખ વ્યવસ્થિત રીતે આવક તરીકે નફા નુકશાન પત્રકમાં કરવામાં આવે છે તે સમયગાળામાં જયારે તેની સાથે સંલગ્ન પડતર કિંમતની સાથે સરખાવી શકાય અને તેના હેતુ સાથે ભરપાઈ કરી શકાય. મિલકતો સાથે મળેલી ગ્રાન્ટની પ્રમાણસર રકમ જે તે વર્ષના ઘસારા સાથે સરભર કરવામાં આવે છે.

(૯) દેવા અને લેણાંની બાકી તેમની ખરાઈને આધિન છે.

(૧૦) પાછળના વર્ષના આંકડાઓમાં જ્યાં જરૂરિયાત જણાય ત્યાં ફેરવર્ગીકરણ કરવામાં આવેલ છે.

**(બ) ઈન્સ્ટીટ્યુટ ઓફ ચાર્ટડ એકાઉન્ટસ ઓફ ઈન્ડીયા દ્વારા પ્રમાણીત એકાઉન્ટીંગ સ્ટાન્ડર્ડ સંઘે નીચે પ્રમાણે અમલમાં મૂકેલ છે.**

(૧) વર્ષ દરમિયાન સંઘે સ્થિર મિલકતની બાકી રહેલ ઉપયોગી લાઈફ તથા અંદાજીત મળવાપાત્ર રકમ (સાલ્વેજ વેલ્યુ)ની ગણતરી કરી તે પ્રમાણે વર્ષ ૨૦૧૮-૧૯ માટેના દરની ઘટતી જતી બાકીની પધ્ધતિથી ઘસારાની જોગવાઈ કરવામાં આવેલ છે.

(૨) સંઘે નફા-નુકશાન ખાતું તથા સરવૈયા ઉપરાંત કેશ ફ્લો સ્ટેટમેન્ટ બનાવેલ છે. જેને નિયામક મંડળ દ્વારા પ્રમાણીત કરવામાં આવેલ છે.

(૩) સંઘના સંબંધિત પાર્ટીઓ સાથેના વ્યવહારોની વિગત નીચે પ્રમાણે છે.

(અ) ગુજરાત કો.ઓ.મિલ્ક માર્કેટીંગ ફેડરેશન લિ.

| | | |
|---|---|---|
| વેચાણ | : | રૂા.૩૬૬૫,૫૨,૭૬,૧૩૯/- |
| ખરીદી | : | રૂા.૩૪,૯૮,૭૧,૦૮૭/- |
| ડીવીડન્ડ આવક | : | રૂા. ૬,૯૦,૫૫,૫૦૦/- |
| સર્વિસ ચાર્જ અને રોયલ્ટી | : | રૂા. ૨/- |

(બ) મેનેજીંગ ડિરેક્ટરનું મહેનતાણું : રૂા.૪૫,૦૫,૮૮૨/-

(૪) સંઘ દ્વારા તેમના કર્મચારીઓને આપવા પાત્ર થતી ગ્રેજ્યુઈટીનો ફાળો જીવન વિમા નિગમમાં ભરવામાં આવેલ છે અને કર્મચારીઓને નોકરી દરમિયાન તેમજ નિવૃત્તિ સમય રજા વટાવવાની માંગણી કર્મચારી દ્વારા કરવામાં આવે ત્યારે હિસાબોમાં લેવામાં આવે છે.

(૫) સંઘ દ્વારા સંભવિત જવાબદારીઓનું જ્યાં જરૂર લાગેલ છે ત્યાં પ્રોવિઝન કરવામાં આવેલ છે.

(૬) સંઘ દ્વારા માઈક્રો, સ્મોલ અને મીડિયમ એન્ટરપ્રાઈઝીસ ડેવલપમેન્ટ એક્ટ, ૨૦૦૬ પ્રમાણે કોઈ પણ સપ્લાયરને મોડી રકમ ચૂકવવાની થઈ નથી અને તેમને ચૂકવવાનું થયું નથી.

(૭) રોકડ પ્રવાહ પત્રક (કેશ ફ્લો સ્ટેટમેન્ટ) :

રોકડ પ્રવાહ પત્રક (કેશ ફ્લો સ્ટેટમેન્ટ) ''એકાઉન્ટીંગ સ્ટાન્ડર્ડ-૩ કેશ ફ્લો સ્ટેટમેન્ટ''માં દર્શાવેલી ''પરોક્ષ પધ્ધતિ'' મુજબ તૈયાર કરેલ છે અને તે સંઘની સામાન્ય પ્રવૃત્તિઓ, ધિરાણ પ્રવૃત્તિઓ તથા રોકાણ પ્રવૃત્તિઓમાંથી થતો રોકડ પ્રવાહ દર્શાવે છે. નાણાકીય પત્રકોમાં દર્શાવેલ રોકડ અને રોકડ સમકક્ષમાં હાથ પરની રોકડ તથા બેન્ક થાપણોનો સમાવેશ થાય છે.

(૮) સેગમેન્ટ રીપોર્ટીંગ :

સંઘ મુખ્યત્વે દૂધ ઉત્પાદનોના ઉત્પાદન અને વેચાણની કામગીરી કરે છે જે જુદા જુદા ધંધાકીય જોખમ કે વળતરને આધીન નથી અને તેથી એક જ પ્રકારની ધંધાકીય પ્રવૃતિ કરે છે તેમ ગણવામાં આવેલ છે.

(૯) વિલંબિત આવકવેરા મિલકત / જવાબદારી :

| વિગત | | રકમ (રૂપિયા) |
|---|---|---|
| **તારીખ ૦૧-૦૪-૨૦૧૮ ના રોજની પરિસ્થિતિ મુજબ :** | | |
| વિલંબિત આવેકવેરા જવાબદારી | | ૭૧,૧૭,૮૨,૯૭૪/- |
| વિલંબિત આવેકવેરા મિલકત | | ૨૧,૯૩,૨૪,૯૨૪/- |
| નેટ વિલંબિત આવકવેરા જવાબદારી | | ૪૯,૨૪,૫૮,૦૫૦/- |
| **નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯** | | |
| વિલંબિત આવેકવેરા જવાબદારી | | ૫,૩૧,૦૫,૦૯૯/- |
| વિલંબિત આવેકવેરા મિલકત | | ૨૯,૩૯,૩૧૮/- |
| નેટ વિલંબિત આવકવેરા જવાબદારી | | ૫,૦૧,૬૫,૭૮૧/- |
| તા.૩૧-૦૩-૨૦૧૯ ના રોજની નેટ વિલંબિત | | |
| **આવકવેરાની જવાબદારી** | **કુલ** | **૫૪,૨૬,૨૩,૮૩૧/-** |

સહી : સીએ. પીનલ ડી. શાહ
જનરલ મેનેજર (ફાયનાન્સ એન્ડ એકાઉન્ટ્સ)

સહી : નિશિથ જે. બક્ષી
મેનેજિંગ ડિરેક્ટર

સહી : શ્રીમતી આશાબેન મહિપાલસિંહ ઠાકોર ચેરમેન
સહી : શ્રી મોઘજીભાઈ ધનજીભાઈ પટેલ (ચૌધરી) વા. ચેરમેન
સહી : શ્રી વિપુલભાઈ એમ. ચૌધરી નિયામક

સહી : શ્રી ઘનશ્યામસિંહ પરબતસિંહ વાઘેલા નિયામક
સહી : શ્રી મોંઘજીભાઈ વિસાભાઇ પટેલ નિયામક
સહી : શ્રી મેપાજી રૂપસંગજી ઠાકોર નિયામક
સહી : શ્રી દુરસિંહ ટેટસિંહ રાઠોડ નિયામક
સહી : શ્રીમતી ભગવતીબેન સક્તાભાઈ ભરવાડ નિયામક

સહી : શ્રી કાન્તિલાલ ત્રિભોવનદાસ પટેલ નિયામક
સહી : શ્રી ઇશ્વરભાઈ દેવચંદદાસ પટેલ નિયામક
સહી : શ્રી શંકરભાઈ જેસંગભાઈ ચૌધરી નિયામક
સહી : શ્રીમતી સુરજબેન પ્રભુદાસ ચૌધરી નિયામક
સહી : શ્રી વાઘુભાઈ વરવાભાઈ દેસાઈ નિયામક

સ્થળ : મહેસાણા

# દૂધ ઉત્પાદકોને લાભદાયી યોજનાઓ (વર્ષ ૨૦૧૮-૧૯)

**૧. સામાન્ય જૂથ વિમા યોજના :**

| | | |
|---|---|---|
| લાભાર્થી | : | ૪૫૮૪૪૦ |
| કુલ ક્લેઈમ | : | ૧૧૫૩ |
| કલેઈમની રકમ | : | ૪૧૪.૦૫ લાખ |

**૨. દૂધ મંડળીના કર્મચારી વિમા યોજના :**

| | | |
|---|---|---|
| લાભાર્થી | : | ૪૪૬૭ |
| કુલ ક્લેઈમ | : | ૧૮૭ |
| કલેઈમની રકમ | : | ૩૬.૩૯ લાખ |

**૩. પશુ વિમા યોજના :**

| | | |
|---|---|---|
| પશુ સંખ્યા | : | ૫૨૬૮૨ |
| પ્રીમીયમ | : | ૫૫૧.૩૭ લાખ |
| સંઘ સહાય | : | ૫૧ લાખ |

**૪. બલ્ક મિલ્ક ચીલીંગ યુનિટ્સ :**

| | | |
|---|---|---|
| નવિન સ્થાપેલ | : | ૭ યુનિટ |
| સહાયની રકમ | : | ૬૬.૦૫ લાખ |
| કુલ બી.એમ.સી.રકમ | : | ૮૩.૦૮ લાખ |

**૫. મંડળી મકાન બાંધકામ :**

| | | |
|---|---|---|
| નવીન મકાન સહાય | : | ૩ |
| ચુકવેલ સહાય | : | ૨.૮૧ લાખ |
| કુલ મકાનવાળી મંડળીઓ | : | ૮૭૭ |

**૬. મંડળી રંગ રોગાન :**

| | | |
|---|---|---|
| કુલ મંડળી | : | ૭ |
| ચુકવેલ સહાય | : | ૧.૦૮ લાખ |

**૭. મિલ્કીંગ મશીન :**

| | | |
|---|---|---|
| કુલ રકમ | : | ૧૬૧.૩૧ લાખ |
| લાભાર્થી | : | ૨૯૫ |
| ચુકવેલ સહાયની રકમ | : | ૫૪.૧૨ લાખ |

**૮. ડેરી દર્શન કાર્યક્રમ :**

| | | |
|---|---|---|
| મંડળીઓ | : | ૩૫૨ |
| લાભાર્થી સંખ્યા | : | ૨૯૯૮૫ |

**૯. સભાસદ પ્રવાસ યોજના :**

| | | |
|---|---|---|
| કુલ મંડળી | : | ૪ |
| લાભાર્થી | : | ૨૬૨ |

## વર્ષ ૨૦૧૮-૧૯ માં દૂધસાગર ડેરીમાં સૌથી વધુ દૂધ ભરાવનાર પ્રથમ દસ દૂધ મંડળીઓ

| અ.નં. | દૂધ મંડળીનું નામ | તાલુકો | દૂધ (કિગ્રા) |
|---|---|---|---|
| ૧ | ચરાડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. | માણસા | ૬૩૯૯૨૩૫ |
| ૨ | સોલૈયા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. | માણસા | ૬૨૨૬૮૯૪ |
| ૩ | બાપુપુરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. | માણસા | ૬૧૩૭૭૩૬ |
| ૪ | ખેરાલુ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. | ખેરાલુ | ૫૫૯૫૮૩૭ |
| ૫ | પામોલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. | વિજાપુર | ૪૯૯૩૯૬૯ |
| ૬ | બાલવા-૧ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. | કલોલ | ૪૮૦૦૫૭૫ |
| ૭ | મેઉ-૧ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. | મહેસાણા | ૩૬૩૭૨૫૪ |
| ૮ | ઈન્દ્રપુરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. | માણસા | ૩૪૮૪૪૨૧ |
| ૯ | માણેકપુર-૧ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. | માણસા | ૩૪૪૯૧૯૪ |
| ૧૦ | વિઠોડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. | ખેરાલુ | ૩૩૨૨૭૮૮ |

## વર્ષ ૨૦૧૮-૧૯ માં દૂધસાગર ડેરીમાં સૌથી વધુ દૂધ ભરાવનાર પ્રથમ દસ દૂધ ઉત્પાદકો

| અ.નં. | દૂધ ઉત્પાદકનું નામ | દૂધ મંડળીનું નામ | તાલુકો | દૂધ (કિગ્રા) |
|---|---|---|---|---|
| ૧ | ઠાકોર કપીલાબેન બાબુજી | પાલડી-વ્યાસ | માણસા | ૨૪૮૮૦૭ |
| ૨ | પટેલ હંસાબેન પંકજભાઈ | પ્રગતિ મહિલા (દેલવાડા) | માણસા | ૨૩૮૦૮૦ |
| ૩ | પટેલ જયંતીભાઈ મોહનલાલ | લક્ષ્મીપુરા (ઐઠોર) | વિસનગર | ૨૩૬૦૬૯ |
| ૪ | ચૌધરી વસંતભાઈ ગોપાલભાઈ | માણેકપુર | માણસા | ૧૮૩૪૫૯ |
| ૫ | સબ્બીરભાઈ વલીભાઈ પટેલ | આદર્શ કેશીમ્પા | વિસનગર | ૧૭૧૮૨૦ |
| ૬ | મોમીન ઈસ્માઈલભાઈ અલીમહંમદભાઈ | કેશરપુરા | ખેરાલુ | ૧૭૧૦૯૪ |
| ૭ | ચૌધરી પરથીભાઇ ચેલાભાઈ | ઉમારી | ખેરાલુ | ૧૬૭૯૬૩ |
| ૮ | પટેલ પરેશભાઈ અમૃતભાઈ | હીરાપુર | વિજાપુર | ૧૬૭૫૩૯ |
| ૯ | પટેલ ચંદ્રકાંતભાઈ અમૃતભાઈ | અજબપુરા | મહેસાણા | ૧૬૧૦૬૩ |
| ૧૦ | ચૌધરી હર્ષદભાઈ માધવલાલ | જગુદણ | મહેસાણા | ૧૫૬૫૩૩ |



દૂધસાગર ડેરીના આદ્યસ્થાપક સ્વ.શ્રી માનસિંહભાઈ પૃ. પટેલનું મહેસાણા ખાતે આવેલ પૈતૃક નિવાસ 'પંચશીલ' ને દૂધસાગર રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસોસીએશન (દૂરડા) ને દાન આપતા, તેમાં માનસિંહભાઈ પી. પટેલ સ્મૃતિસંગ્રહ બનાવવામાં આવેલ તેનું ઉદ્‌ઘાટન કરતા ગુરુજી શ્રી દેવેન્દ્રભાઈ, શ્રી વિપુલભાઈ ચૌધરી, ડેરીના અધ્યક્ષા શ્રીમતી આશાબેન ઠાકોર, ઉપાધ્યક્ષશ્રી મોઘજીભાઈ વિગેરે મહાનુભાવો.



તા. ૧૩-૩-૨૦૧૯ના રોજ શ્રી કૃષ્ણનગર (બામોસણા) મહિલા દૂધ ઉ.સહ.મં.લિ. બામોસણાના નવિન મકાનના ઉદ્‌ઘાટન પ્રસંગે આયોજીત કાર્યક્રમમાં દિપ-પ્રાગટ્ય કરતા શ્રી વિપુલભાઈ ચૌધરી, ડેરીના અધ્યક્ષા શ્રીમતી આશાબેન ઠાકોર, ધારાસભ્ય-બહુચરાજી શ્રી ભરતસિંહ ઠાકોર, દૂરડાના ડિરેક્ટરશ્રી હસમુખભાઈ ચૌધરી વિગેરે મહાનુભાવો.




ભારતની સૌથી મોટી સહકારી ડેરી

**મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ, મહેસાણા.**

ફોન : (02762) 253201 | ફેક્સ : (02762)253422

E-Mail: sagar@mehsanaunion.coop I Web: www.dudhsagardairy.coop

Amul | SAGAR